રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા પાયાનો તબક્કો-૨૦૨૪ (SCF-FS) આધારિત

# પ્રજ્ઞા
# અધ્યયન સંપુટ

## ગુજરાતી

(પ્રથમ સત્ર)

## ધોરણ - ૧

(અજમાયશી વર્ષ : ૨૦૨૪-૨૫)



વિદ્યાર્થીનું નામ : ____________________

શાળાનું નામ : ____________________

# શિક્ષણનાં વિકાસાત્મક ક્ષેત્રો અને અભ્યાસક્રમનાં ધ્યેયો

## શારીરિક વિકાસ

CG-1 બાળકોમાં એવી ટેવો વિકસે છે જે તેમને સ્વસ્થ અને સુરક્ષિત રાખે છે.

CG-2 બાળકો સંવેદનાત્મક દૃષ્ટિકોણમાં ચોકસાઈ (શાર્પનેસ) વિકસાવે છે.

CG-3 બાળકો તંદુરસ્ત અને લચીલું શરીર વિકસાવે છે.

## સામાજિક-ભાવાત્મક અને નૈતિક વિકાસ

CG-4 બાળકો ભાવાત્મક બુદ્ધિ વિકસાવે છે, એટલે કે, તેમની પોતાની લાગણીઓને સમજવા અને તેનું સંચાલન કરવાની ક્ષમતા કેળવે છે તેમજ સામાજિક ધોરણોને હકારાત્મક પ્રતિસાદ આપે છે.

CG-5 બાળકો ઉત્પાદક કાર્ય અને 'સેવા' પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવે છે.

CG-6 બાળકો તેમની આસપાસના કુદરતી વાતાવરણ પ્રત્યે સકારાત્મક સંબંધ વિકસાવે છે.

## જ્ઞાનાત્મક વિકાસ

CG-7 બાળકો અવલોકન અને તાર્કિક વિચાર દ્વારા આસપાસની દુનિયાને સમજે છે.

CG-8 વિશ્વને ઓળખવા માટે બાળકો માત્રા, આકારો અને માપન દ્વારા ગાણિતિક સમજ અને ક્ષમતા વિકસાવે છે.

## ભાષા અને સાક્ષરતા વિકાસ

CG-9 બાળકો બે ભાષાઓમાં રોજબરોજની ક્રિયાપ્રતિક્રિયા માટે અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકસાવે છે.

CG-10 બાળકો પ્રથમ ભાષામાં વાંચવાની અને લખવાની ઝડપ વિકસાવે છે.

CG-11 બાળકો દ્વિતિય ભાષામાં વાંચવા અને લખવાનું શરૂ કરે છે.

## કલાત્મક અને સાંસ્કૃતિક વિકાસ

CG-12 બાળકો દૃશ્યમાન કલા અને પ્રસ્તુની ક્ષમતાઓ અને સંવેદનશીલતા વિકસાવે છે તથા કલા દ્વારા અર્થપૂર્ણ અને આનંદદાયી રીતે તેમની લાગણીઓ વ્યક્ત કરે છે.

## અધ્યયનની સકારાત્મક ટેવનો વિકાસ

CG-13 બાળકો શાળાના વર્ગખંડ જેવા ઔપચારિક શિક્ષણના વાતાવરણમાં સક્રિયપણે ભાગ લેવા માટેની અધ્યયનની ટેવ વિકસાવે છે.

આ ધ્યેય આધારે ક્ષમતાઓ (Compentencies) નિશ્ચિત કરી છે. તેના આધારે બાલવાટિકાથી લઈને ધોરણ - ૨ સુધીની અધ્યયન નિષ્પત્તિઓ સૂચવવામાં આવી છે.

**માર્ગદર્શન**

**ડૉ. એમ. આઈ. જોષી**
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ

**પ્રકાશ ત્રિવેદી**
નિયામકશ્રી, જીસીઈઆરટી

**ડૉ. એમ. એમ. પટેલ (GAS)**
એડી.એસપીડી, સમગ્ર શિક્ષા

**મહેશ મહેતા**
સચિવ, સમગ્ર શિક્ષા

**એસ. જે. ડુમરાળિયા**
સચિવ, જીસીઈઆરટી

**સંકલન**

અનિલકુમાર ઉપાધ્યાય
ધર્મેશ રામાનુજ — સુચિત પ્રજાપતિ
સંજયભાઈ ચૌધરી — અતુલભાઈ પંચાલ
નિરવભાઈ મિસ્ત્રી — હેમલબેન પંડ્યા
જયદિપસિંહ ચૌહાણ — રિઝવાનાબેન મિરઝા

**સલાહકાર**

ડૉ. મહેન્દ્ર ચોટલીયા

**લેખન**

ડૉ. હરેશ ચૌધરી — રાકેશ પટેલ
છાયા ઉપાધ્યાય — ડૉ. ભાવેશ પંડ્યા
પૂજા જોષી — મમતાબેન શર્મા
રમેશભાઈ દેસાઈ — હિતેષકુમાર નાયક
સંખારીયા મૌલિબેન — સોની વૈદેહીબેન
વિમલભાઈ નકુમ — પટેલ પાયલબેન
જીતેન્દ્રકુમાર કાપડીયા — ચક્રવર્તી પારુલબેન
પટેલ કવિતાબેન — અનુપકુમાર જૈન
ડૉ. પ્રિસ્કીલા ચૌહાણ — નિત્તલબેન પંચાલ

**સમીક્ષા**

ડૉ. ભાર્ગવ ઠક્કર
વૈશાલીબેન ચાવડા
યાશ્વા સપાટવાલા


## પ્રસ્તાવના

શિક્ષકમિત્રો અને વાલીઓ, નમસ્કાર.

વૈશ્વિક સ્તરે દેશના વિકાસ માટેનાં વિવિધ વિકાસલક્ષી ધ્યેયો સુનિશ્ચિત કરવામાં આવેલાં છે. તેમાંનું ચોથા નંબરનું સાતત્યપૂર્ણ વિકાસલક્ષી ધ્યેય (SDG) એટલે ‘સમાવેશી અને સમાન ગુણવત્તાપૂર્ણ શિક્ષણ સુનિશ્ચિત કરવું અને દરેકના માટે આજીવન શીખવા પ્રોત્સાહન આપવાનું છે.’ આ ધ્યેયને સાર્થક કરતી શિક્ષણ ગુણવતાલક્ષી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 (NEP-2020)નું નિર્માણ થયેલ છે. NEP-2020 અનુસાર પાયાના શિક્ષણને બળવત્તર બનાવવા માટે નિપુણ ભારત મિશન અંતર્ગત દેશ સાથે આપણા રાજ્યમાં પણ સુનિશ્ચિત આયોજન થયેલ છે. પાયાના શિક્ષણ માટે મહત્ત્વનાં પ્રારંભિક ત્રણ વર્ષો, બાલવાટિકા અને ધોરણ ૧, ૨ના શાલેય શિક્ષણમાં બાળકોને તેમનાં વય, રુચિ અને ઉપયોગિતાની દૃષ્ટીએ જે અગત્યની બાબતો હોય તેનો પરિચય, મહાવરો અને મૂલ્યાંકન કરી તેનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં રાજ્યમાં પ્રયાસ થઈ રહ્યો છે.

બાલવાટિકા અને વિદ્યાપ્રવેશ અભિગમના પ્રારંભ બાદ વર્ષ 2024થી અભ્યાસક્રમમાં નિપુણ ભારત મિશન, FLN અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ પરિરૂપ (NCF) મુજબ અભ્યાસક્રમની સંરચના કરવામાં આવેલ છે. આ વર્ષથી શરૂ થઈ રહેલી અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા માટે અધ્યયન સંપુટના ભાગ તરીકે આ સામગ્રી આપવામાં આવી રહી છે. શીખવા-શીખવવા માટે માત્ર પાઠ્યસામગ્રી જ નહિ, બલકે દરેક તબક્કે વિવિધ પ્રકારની સામગ્રીનો ઉપયોગ વર્ગને વધુ પ્રવૃત્તિલક્ષી બનાવશે તે દિશામાં આ અધ્યયન સંપુટ નિર્માણ કરવામાં આવ્યું છે. દેશ સ્તરેથી NCFમાં આપવામાં આવેલ માર્ગદર્શન મુજબ રાજ્ય દ્વારા સ્ટેટ કરીક્યુલમ ફ્રેમવર્ક (SCF) અંતર્ગતની અધ્યયન નિષ્પત્તિઓ સાથે અભ્યાસક્રમની પુનઃ સંરચના કરવામાં આવેલ છે. 13 જેટલાં વિકાસાત્મક ધ્યેયોમાં આપેલી અધ્યયન નિષ્પત્તિઓના આધારે વિકસાવવામાં આવેલી આ અધ્યયન સંપુટ સામગ્રી શીખવા માટે ઉત્તમ અનુભવ બની રહે તેવા પ્રયાસો થયેલા છે. આ સંપુટના વિષયવસ્તુ-નિર્માણ દરમ્યાન જેમની રચના અને પ્રવૃત્તિ સંદર્ભ તરીકે ઉપયોગમાં લેવાઈ છે તેમનો આભાર માનું છું.

શીખવા-શીખવવાની દરેક બાબત સાથે જોડાયેલા આ અધ્યયન સંપુટમાં શિક્ષક માર્ગદર્શિકા, વિદ્યાર્થી પ્રવૃત્તિ સૂચન, પ્રવૃત્તિ નિદર્શન આપવામાં આવેલ છે. અધ્યયન ધ્યેયો સાથે અનુબંધિત અધ્યયન નિષ્પત્તિના આધારે નિર્માણ થયેલ આ અધ્યયન સંપુટ સાથે વર્ગની અન્ય તમામ સાધનસામગ્રીનો પણ સતત ઉપયોગ થતો રહે તેવો નવોન્મેષી અભિગમ હાથ ધરવાનો પ્રયાસ કરાયો છે. આ અધ્યયન સંપુટ, વર્ગની સહાયક સામગ્રી અને શિક્ષક પ્રશિક્ષણ સાથે આપના દ્વારા બાળકોના શિક્ષણ માટે ઉત્તમ પ્રયાસો થાય તે અપેક્ષા સહ નવા વર્ષના શિક્ષણકાર્ય માટે શુભેચ્છાઓ.

***ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)***
સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા

# માર્ગદર્શન

બાળકેન્દ્રી, પ્રવૃત્તિલક્ષી અને આનંદદાયી પ્રાથમિક શિક્ષણને ચરિતાર્થ કરવા માટે છેલ્લાં પંદરેક વર્ષથી 'પ્રજ્ઞા અભિગમ' અમલમાં છે. પ્રજ્ઞા અભિગમ અંતર્ગત આપણે કેટલાક શાશ્વત શૈક્ષણિક સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને અધ્યયન અધ્યાપન સામગ્રીનું નિર્માણ અને વર્ગખંડ પ્રક્રિયાનું આયોજન કરીએ છીએ.

અગાઉનાં વર્ષોના આપના અનુભવ આધારિત પ્રતિભાવ અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ તેમજ તેના આધારે રાષ્ટ્રીય તેમજ રાજ્ય સ્તરે તૈયાર થયેલ અભ્યાસક્રમ માળખાને ધ્યાને રાખીને આ સામગ્રીનું નિર્માણ કરવામાં આવ્યું છે. તમે જોઈ શકશો કે પ્રજ્ઞાના સૈદ્ધાંતિક પાસાને યથાવત્ રાખીને એટલે કે વ્યક્તિગત કાર્ય, જૂથકાર્ય અને જોડીકાર્ય, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ, સતત મૂલ્યાંકન અને ત્વરિત ઉપચારાત્મક કાર્ય, સંકલ્પના સ્પષ્ટીકરણ, મહાવરો અને મૂલ્યાંકનના અધ્યયનચક્ર જેવી બાબતોને સમાવીને આ નવા પ્રકારની અધ્યયન અધ્યાપન સામગ્રી તૈયાર કરવામાં આવી છે. કાર્ડ, સ્વઅધ્યયન પોથી, શિક્ષક આવૃત્તિ વગેરેમાં અલગ-અલગ સ્થાને આપેલી વિગતો આ એક જ અધ્યયન સંપુટમાં સહજ ક્રમમાં આપવામાં આવી છે. આ ઉપરાંત, અધ્યયન અધ્યાપન પ્રક્રિયાના ભાગરૂપે વર્ગખંડમાં ઉપલબ્ધ અન્ય સામગ્રીના ઉપયોગ માટે જરૂરી નિર્દેશ પણ કરવામાં આવ્યો છે, જેમાં નીચેની સામગ્રીનો સમાવેશ થાય છે. અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં આ સામગ્રીનો સુચારુ ઉપયોગ શિક્ષકના કાર્યને સરળ બનાવશે.

૧. અધ્યયન સંપુટ પુસ્તિકા
૨. વિદ્યાપ્રવેશ વિદ્યાર્થી પ્રવૃત્તિપોથી (ધોરણ-૧)
૩. પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક
૪. લેખનપોથી
૫. ચિત્રપોથી
૬. નોટબુક (વિદ્યાર્થી દીઠ-૩)
૭. સ્લેટ અને પેન બૉક્સ
૮. શૈક્ષણિક સ્ટેશનરી કિટ
૯. શિક્ષકસાથી મૉડ્યુલ
૧૦. વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટર
૧૧. નિપુણ ભારત માર્ગદર્શિકા (ભાગ-૧,૨)
૧૨. વિદ્યાપ્રવેશ શિક્ષક આવૃત્તિ
૧૩. સર્જન માટેની વર્ગસામગ્રી
૧૪. અધ્યયન નિષ્પત્તિ ચાર્ટ
૧૫. બોર્ડ બુક
૧૬. લાર્જ સ્ટોરીબુક
૧૭. વાર્તાનો વડલો ભાગ ૧-૨
૧૮. ચિત્રવાર્તા પુસ્તિકા (૯ ભાગ)
૧૯. દ્વિભાષી વાર્તા પુસ્તિકા
૨૦. અર્લીરીડર (પ્રારંભિક વાચનમાળા)
૨૧. સચિત્ર બાળપોથી
૨૨. ચિત્ર કૅલેન્ડર
૨૩. ફ્લૅશ કાર્ડ
૨૪. ચાર્ટ/પોસ્ટર
૨૫. બ્રેઈલ કિટ
૨૬. NCERT Maths Kit
૨૭. IIT FLN Kit
૨૮. લાકડાનાં શૈક્ષણિક રમકડાંની કિટ
૨૯. રમતગમતનાં સાધનો
૩૦. સંગીતનાં સાધનો

## અસરકારક વર્ગખંડ પ્રક્રિયા માટે નીચેની બાબતો સુનિશ્ચિત કરીએ

- સમૂહ, જૂથ, જોડી કે વ્યક્તિગત કાર્ય અંતર્ગત બેઠક વ્યવસ્થામાં વર્ષ દરમ્યાન બધાં બાળકોને એકબીજાનો પરિચય થાય તે રીતે આયોજન કરીએ.
- વર્ગખંડ સતત બાળકોના કલ્લોલથી ગુંજતો હોય તે અપેક્ષિત છે. બાળકોને શિક્ષક સાથે તેમજ અન્ય બાળકો સાથે વાતો કરવાની સતત તક મળે તે માટે આ સામગ્રીમાં ઘણી જગ્યાએ નિર્દેશ છે. આ સામગ્રીમાં નિર્દિષ્ટ ચિત્રો, ચિત્ર વાર્તાઓ, અભિનયગીત, જોડકણાં, રંગકામ, રમકડાં, સાધન-સામગ્રી, રમત-ગમત, શોધખોળ વગેરે દરમ્યાન પણ વાતચીતની તક આપવી.
- બાળકોમાં નિર્ણય, કલ્પના અને તર્ક શક્તિનો વિકાસ થાય તેવા આશયથી અધ્યયન સંપુટના પાનની નીચે ફુટરમાં આકૃતિ સાથેની પૅટર્નની રમત, અક્ષર લેખન અને જુદી પડતી બાબતોની ઓળખ જેવી અન્ય બાબતો તરફ સમયાંતરે બાળકોનું ધ્યાન દોરવું.
- દરેક પ્રવૃત્તિ જૂથના અંતે આપેલ ''આટલું તો આવડે છે''માં બાળકે જાતે સ્વ-મૂલ્યાંકન કરવાનું રહેશે. શિક્ષકે તેને યોગ્ય ટીકમાર્ક કર્યું છે તે ધ્યાન આપવું.
- દરેક પ્રવૃત્તિજૂથના અંતે 'આટલું તો આવડે છે' ના આધારે જે બાળક જ્યારે તમામ પ્રવૃત્તિઓ સિદ્ધ થાય તેવાં બાળકોને જ જે તે પ્રવૃત્તિજૂથનો મહાવરો બાળકે જાતે કરવાનો રહેશે ત્યાર બાદ જ આગળના પ્રવૃત્તિજૂથમાં કાર્ય કરાવવું. (જરૂર પડે ત્યાં શિક્ષકે માર્ગદર્શન આપવું.)
- વર્ગખંડમાં ઘણી બધી મુદ્રિત સામગ્રી બાળકો સરળતાથી જોઈ શકે તેવી રીતે રાખવી. વારંવાર એ સામગ્રી જોઈને પણ બાળકો કુદરતી રીતે જ નવા નવા શબ્દો શીખે છે.
- અત્રે આપવામાં આવેલ અનુલેખન, શ્રુતલેખન, સ્વતંત્ર લેખન યોગ્ય રીતે કરાવવું અને ચકાસવું.
- આ સામગ્રીમાં નિર્દિષ્ટ થયેલ વાર્તાઓ ઉપરાંત ચિત્ર વાર્તાઓ અને અન્ય વાર્તા પુસ્તિકાઓ/સામયિકો પૈકીની વાર્તાઓ કહેવી અને વર્ગ સમક્ષ શિક્ષકે વાંચવી.
- વર્ગમાં થતી વાતચીત, રમતો, પ્રવૃત્તિઓ દરમિયાન બાળકોમાં સ્વતંત્ર વિચાર કૌશલ્ય ખીલે એ માટે વર્ગના વાતાવરણને મુક્ત અને આનંદમય રાખવું. વર્ગખંડની રમતો ઉપરાંત મેદાની રમતો પણ રમાડવી. આ અંતર્ગત સ્થાનિક રમતો ઉપરાંત વિદ્યાર્થીઓના શારીરિક-માનસિક વિકાસ માટેની રમતો રમાડવી.
- વર્ગખંડ દરમિયાન એ સુનિશ્ચિત કરવું કે બાળકો સતત અડધો કલાક કે તેથી વધુ સમય એક જ સ્થિતિમાં બેસી ન રહે. વચ્ચે વચ્ચે શારીરિક હલનચલન થાય તેવી પ્રવૃત્તિઓ (નાની કસરત, અભિનયગીત વગેરે) કરાવવી.
- બાળકો જે વાંચે તે સમજે તે ખૂબ જ જરૂરી છે. તેથી બાળકો શબ્દો કે વાક્યો વાંચે ત્યારે સામાન્ય વાતચીત દ્વારા જાણવું કે બાળક એનો અર્થ સમજે છે કે કેમ.
- વર્ગખંડ સામગ્રીને એ રીતે ગોઠવવી કે જેથી બાળકો માટે એ પુસ્તકો સહજ પ્રાપ્ય બને.
- એવો પ્રયાસ પણ કરવો કે બાળકો જાતે સૂચના વાંચીને સમજવાનો પ્રયત્ન કરે.
- બાળકો જેમ જેમ આગળ વધતાં જાય તેમ તેમ વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટરમાં નોંધ કરવી. જેથી શીખવામાં પાછળ રહી જતાં બાળકો માટે વિશેષ ધ્યાન આપી શકાય અને જરૂરી ઉપચારાત્મક કાર્ય કરી શકાય.

ભાષા અને ગણિત ઉપરાંત પણ બાળકોના સર્વાંગી વિકાસ માટેનાં જરૂરી ક્ષેત્રો જેવાં કે શારીરિક વિકાસ, સામાજિક-ભાવાત્મક અને નૈતિક વિકાસ તેમજ કલાત્મક અને સાંસ્કૃતિક વિકાસ માટેની પ્રવૃત્તિઓને પૂરતો અવકાશ મળી રહે તે માટે 'સપ્તરંગી શનિવાર'નો અભિગમ રાખવામાં આવ્યો છે. તેથી શનિવારે આ બધી જ પ્રવૃત્તિઓ થાય તેમજ સોમવારથી શુક્રવાર દરમિયાન પણ જરૂર જણાયે આવી પ્રવૃત્તિઓ થાય તે સુનિશ્ચિત કરવું.

**મહેશ મહેતા**

સચિવ, સમગ્ર શિક્ષા

# અભ્યાસક્રમનાં ધ્યેય અને અધ્યયન નિષ્પત્તિ

## (ધોરણ-૧ ભાષા અધ્યયન સંપુટ અધ્યયન નિષ્પત્તિ પત્રક)

### CG-9 બાળકો બે ભાષામાં રોજબરોજની ક્રિયા-પ્રતિક્રિયા માટે અસરકારક સંચાર-કૌશલ્ય વિકસાવે છે.

C 9.1 સાદાં ગીત, જોડકણાં અને કવિતાઓ સાંભળે છે અને માણે છે.

9.1.1 કવિતા/ જોડકણાં સાંભળે અને ગાય છે. 9.1.2 કવિતા/ જોડકણાં વિષે વાતચીત કરે છે અને પ્રશ્નો પૂછે છે.

9.1.3 કવિતા/ જોડકણાં ગાય છે અને પઠન કરે છે.

C 9.2 પોતાની મેળે સરળ ગીતો અને કવિતાઓ બનાવે છે.

9.2.1 શિક્ષકની મદદથી ટૂંકી કવિતાઓ/જોડકણાં વિસ્તારે છે/ બનાવે છે.

C 9.3 સળંગ અને અર્થપૂર્ણ વાતચીત કરી શકે છે.

9.3.1 વાતચીતમાં જોડાય છે, બોલવાનો વારો આવે તેની રાહ જુએ છે અને અન્યને બોલવા દે છે.

9.3.2 વર્ગમાં વાંચી સંભળાવેલી કે ચર્ચાયેલી વાસ્તવિક બાબતો સાથે પોતાના પૂર્વ અનુભવો જોડે છે અને તેના વિષે વાત કરે છે.

C 9.4 જટિલ કાર્ય માટે આપેલી મૌખિક સૂચનાઓ સમજે છે અને તે કાર્ય કરાવવા માટે અન્ય લોકોને સ્પષ્ટ મૌખિક સૂચનાઓ આપે છે.

9.4.1 આઠથી દસ વિવિધ બાબતો (પગલાં) સમાવતી સૂચનાઓ સમજે છે અને અનુસરે છે.

9.4.2 આઠથી નવ બાબતો (પગલાં) સમાવતી સૂચના સ્પષ્ટ રીતે આપે છે.

C 9.5 સાંભળેલી/ વાંચેલી વાર્તાઓ સમજે છે અને પાત્રો, વાર્તા અને લેખક શું કહેવા માગે છે તે સમજે છે.

9.5.1 વાર્તાનો હેતુ અને પાત્રોની લાક્ષણિકતાઓને ધ્યાને રાખી વાર્તાને અલગ સ્વરૂપમાં ફરીથી કહે છે.

C 9.6 સ્પષ્ટ કથાવસ્તુ અને પાત્રો સાથે ટૂંકી વાર્તા કહે છે.

9.6.1 સરળ કથાવસ્તુ અને પાત્રો સાથેની વાર્તા બનાવે છે.

C 9.7 રોજબરોજનો વ્યવહાર અસરકારક રીતે કરવા માટે પૂરતા શબ્દો જાણે છે અને તેનો ઉપયોગ કરે છે અને તેમની પાસે જે શબ્દભંડોળ છે તેનો ઉપયોગ કરીને નવા શબ્દોના અર્થનું અનુમાન કરી શકે છે.

9.7.1 ચિત્ર અને અન્ય સંદર્ભોનો ઉપયોગ કરીને પાઠ્યસામગ્રીમાં આવતા નવા શબ્દોના અર્થનું અનુમાન કરે છે.

### CG-10 બાળકો પ્રથમ ભાષામાં વાંચવાની અને લખવાની ઝડપ વિકસાવે છે

C 10.2 મુદ્રણ (પ્રિન્ટ) સભાનતા વિકસાવે છે અને મૂળભૂત વિરામ ચિહ્નોને ઓળખે છે.

10.2.1 સાદાં વિરામ ચિહનોને ઓળખે છે. (પૂર્ણ વિરામ, પ્રશ્નાર્થ ચિહ્ન)

C 10.3 વર્ણમાળાનાં બધાં અક્ષરો અને માત્રાઓ ઓળખે છે અને વાંચવા અને લખવા માટે તેનો ઉપયોગ કરે છે

10.3.1 તમામ અક્ષર (મૂળાક્ષર)ને ઓળખે છે અને અનુરૂપ ધ્વનિ સાથે જોડે છે.

10.3.2 વિવિધ અક્ષરોથી બનેલા શબ્દો વાંચે છે.

C 10.4 યોગ્ય ઝડપ અને આરોહ-અવરોહ સાથે ચોકસાઈપૂર્વક અને પ્રવાહિતા સાથે પ્રથમ ભાષાની વાર્તાઓ અને ફકરા વાંચે છે.

10.4.1 યોગ્ય સ્વર અને વિરામ સાથે ટૂંકા ફકરા ચોકસાઈથી વાંચે છે.

C 10.5 ટૂંકી વાર્તાઓ વાંચે છે અને પોતાની રીતે પાત્રો, વાર્તાનું કથાવસ્તુ અને લેખક શું કહેવા માગે છે તે ઓળખીને તેનો અર્થ સમજે છે.

10.5.1 સમાન પાઠ્ય અને દૃશ્ય સામગ્રીવાળાં પુસ્તકોને સ્વતંત્ર રીતે વાંચવાનું શરૂ કરે છે.

10.5.2 અપરિચિત વાર્તાનાં પુસ્તકો વાંચવાનું અને શિક્ષકના માર્ગદર્શનથી સમજવાનું શરૂ કરે છે.

10.5.3 વાર્તાના કથાવસ્તુ અને પાત્રોને ઓળખે છે.

C 10.6 ટૂંકી વાર્તાઓ વાંચે છે અને શબ્દોની પસંદગી અને કલ્પના માટે કવિતાની પ્રશંસા કરે છે.

10.6.1 ટૂંકી કવિતાઓ વાંચે છે અને કવિતાનો શાબ્દિક અર્થ વર્ણવે છે.

C 10.7 ટૂંકા સમાચાર, સૂચનાઓ અને પ્રચાર સામગ્રી વાંચે છે તેમજ તેનો અર્થ સમજે છે.

10.7.1 રમત રમવા માટે સરળ સૂચનાઓ વાંચે છે અને જૂથ સાથે તે રમે છે.

C 10.8 પોતાની સમજણ અને અનુભવો વ્યક્ત કરવા માટે ફકરો લખે છે.

10.8.1 ત્રણ અથવા ચાર અક્ષરવાળા શબ્દો ચોકસાઈથી લખે છે. (શ્રુતલેખન)

10.8.2 ચિત્રોને ક્રમમાં ગોઠવે છે અને તેની સાથે ટૂંકાં વાક્યો લખે છે. 10.8.3 શબ્દો અને ટૂંકાં વાક્યો લખીને ચિત્ર (કાર્ડ)નું વર્ણન કરે છે.

10.8.4 સરળ પ્રક્રિયાઓ માટે સહપાઠીઓ માટે ટૂંકી સૂચનાઓ લખે છે.

C 10.9 બાળસાહિત્યનાં વિવિધ પુસ્તકો લેવામાં અને વાંચવામાં રુચિ બતાવે છે.

10.9.1 પુસ્તક પસંદ કરતી વખતે પોતાની પ્રાથમિકતા સમજાવે છે. 10.9.2 નિયમિત અંતરાલ પર નાનાં પુસ્તકો વાંચે છે.

# અનુક્રમણિકા

Q6T3M6


| ક્રમ | એકમ | પાન નં. |
|---|---|---|
| ૧. | અજબ ગજબ | ૧ |
| ૨. | વરસાદની મજા | ૧૫ |
| ૩. | કાબર, ચકલાં, કબૂતર... | ૩૩ |
| ૪. | ઘર અને ગુફા | ૫૩ |

**મહાવરા**

| | | |
|---|---|---|
| • | એકમ-૧ના વિશેષ મહાવરા માટે | ૭૨ |
| • | એકમ-૨ના વિશેષ મહાવરા માટે | ૭૫ |
| • | એકમ-૩ના વિશેષ મહાવરા માટે | ૭૮ |
| • | એકમ-૪ના વિશેષ મહાવરા માટે | ૮૧ |


## યાદ રાખીશું



આ સંપુટમાં એકમ-૧થી ૪ના અંતે 'આટલું તો આવડે છે' તરીકે વિદ્યાર્થીઓને સ્વમૂલ્યાંકન માટે તક આપવામાં આવે છે. વર્ગના વિદ્યાર્થીઓએ દરેક પ્રવૃત્તિ જે તે ક્રમમાં પૂરે પૂરી કરી હોય તો તેઓ જાતે જ તે પ્રવૃત્તિ ક્રમ ઉપર ◯ કરે અને અધૂરી હોય તો ◡ કરે. જે વિદ્યાર્થીઓને તમામ પ્રવૃત્તિઓ પૂરી થઈ ગઈ હોય તેમને વિશે જાતે કરી શકે તેવાં કામ સોંપો. જેમને બાકી રહી હોય તેવા વિદ્યાર્થીઓને તે અધૂરી પ્રવૃત્તિઓ પૂરી કરાવડાવો.

**એકમ-૧ માટેની પૂર્વતૈયારી...**

- વાર્તાનાં પાત્રોનાં મહોરાં
- ગમનજ, ગામાનાજા અક્ષરકાર્ડ
- અક્ષર લેખન માટે ગુંદર/ગ્લુસ્ટિક, રેતી, કાગળ
- શાકભાજીનાં/વાહનનાં ચિત્રો
- લાર્જ સ્ટોરીબુક, ચિત્ર કૅલેન્ડર, અર્લીરીડર, પોસ્ટર, IIT કિટ (શબ્દમિલાપ પેટી) પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક, સ્લેટપેન, નોટબુક



# ૧. અજબ ગજબ

Y8P8Z5

૧. જગ્યા પર ઊભા થાઓ, બે કૂદકા મારો પછી આ ગીત સાંભળો અને ગાઓ.



નાની મારી આંખ એ જોતી કાંક કાંક
એ તો કેવી અજબ જેવી વાત છે!
નાક મારું નાનું એ સૂંઘે ફૂલ મજાનું
એ તો કેવી અજબ જેવી વાત છે!
નાના મારા કાન એ સાંભળે દઈ ધ્યાન
એ તો કેવી અજબ જેવી વાત છે!
નાનું મોઢું મારું એ બોલે સારું સારું
એ તો કેવી અજબ જેવી વાત છે!



- ગીતની કઈ લીટી તમને સૌથી વધારે ગમી? મોટેથી ગાઓ.
- તેમાં અજબ જેવું શું છે?
- તમે આંખ અને નાકથી કયાં કયાં કામ કરો છો?
- તમે કાનથી ફૂલ સૂંઘી શકો છો?
- આવાં વાક્યો કહો : નાની મારી મુઠ્ઠી, મારવામાં નથી જુઠ્ઠી.
- બાળકોનાં બે જૂથ બનાવી આ મુજબ ગીત ગવડાવો - જૂથ-૧ 'મારું નાનું પેટ ચાર રોટલી ખાય', જૂથ-૨ 'કેવી અજબ જેવી વાત છે.' - આમ ગીત ગાઓ.
- ગીતમાં શરીરનાં કયાં કયાં અંગોની વાત કરવામાં આવી?
- બોલ્યા વગર ઈશારાથી મિત્રને કહો : મારી પાસે આવ, મને પાણી આપ. તારી સાથે દોસ્તી.
- 'Yes, Yes, Yes' કે 'No, No, No' જવાબ આપો.
  - ❖ હું કાનથી સાંભળી શકું છું.
  - ❖ હું મોં વડે હસું છું.
  - ❖ હું આંખથી બોલું છું.
  - ❖ નાક વડે મને ભોજનની ખબર પડે છે.
  - ❖ હું હાથથી ચાલું છું.

- **આ કવિતા બીજી વખત ગવડાવો ત્યારે બાળકોને અજબ, નાના અને વાત શબ્દ પર આંગળી મૂકવા કહો. (જરૂર જણાય ત્યાં બાળકોને મદદરૂપ થવું) આટલું થયા પછી આ શબ્દો ગીતમાં કેટલી વાર આવે છે એ ગણવા કહો.**
- પ્રવૃત્તિ-૧ થયા પછી તરત જ બાળકોને પાના નં. ૧૪ પર 'આટલું તો આવડે છે.' માં '૧' પર ○ કે ◡ કરવા કહો. જરૂર જણાય તો અનુક્રમણિકાની નીચે આપેલ બોર્ડની સૂચના વાંચો.

 ❖●મ શોધો: મ❖● ❖●મ ●●મ ❖●મ મ●મ 

૨. ઓળખો.

વિદ્યાર્થીઓને વર્તુળ આકારમાં ઊભા રાખી તેઓને 'મારું નામ ________ છે.' એમ બોલવા કહો. આમ બોલીને તે વિદ્યાર્થી એક ડગલું આગળ આવે - આ રીતે એક ચક્ર પૂરું થયા પછી 'મારી ડાબી બાજુ ________ છે.' તેવું બોલી એક ડગલું પાછળ જાય. તે પછી વિદ્યાર્થી બેસી જાય. હવે, વિદ્યાર્થી પોતાનું નામ અને પોતાની બંને બાજુ ઊભા રહેલા મિત્રનાં નામ બોલે.




ચિત્ર કૅલેન્ડરનો ઉપયોગ કરો.



**વાતચીત**

- ચિત્રમાં મોટી વ્યક્તિઓ કેટલી છે અને બાળકો કેટલાં છે?
- આ ચિત્રમાં કોણ કોણ શું શું કરે છે? તેમાં સૌથી વધારે મજા કોને આવતી હશે?
- આ ચિત્રમાં તમે હોત તો શું કરતા હોત?
- કયું ઘર મોટું છે?
- ચિત્રમાંનો કયો રંગ તમને ગમે છે? શા માટે?
- રસ્તે ચાલનારે માથે કેમ ઓઢ્યું છે?


∇ન∆ શોધો, ∇ન∆ ∇∆ન ∇ન∆ ન∇∆ ∇ન∆

- માથે ઓઢીને કોણ કોણ જાય છે?
- વાડી અને ખેતરમાં શો ફેર હોય?
- આ ચિત્ર સવારનું છે, બપોરનું છે કે રાતનું? કેવી રીતે ખબર પડી?
- ચિત્રમાં કયાં કયાં પ્રાણીઓ નથી?
- ચિત્રમાં આપેલું મોટું ઝાડ શેનું છે?
- ઝાડ પર ચડતાં કોને આવડે છે? તમે કયાં કયાં ઝાડ પર ચડ્યા છો?

૪. વાર્તા સાંભળીએ.

## મૂળો



દાદાએ ખેતરમાં બીજ નાખ્યું
અને મનમાં બોલ્યાઃ

"મૂળા મૂળા ખૂબ વધજે.
મોટો મોટો થાજે.
સૌથી મોટો બનજે."

દાદાને દાદી જોઈ ગયાં.
એ પણ મૂળા પાસે ગયાં.
એમણે મૂળાને પાણી પાયું.

દાદીને ભાણી જોઈ ગઈ.
એ મૂળા પાસે ગઈ.
ભાણીએ મૂળાને પાણી પાયું અને ગાયુંઃ

મૂળા મૂળા ખૂબ વધજે.
મોટો મોટો થાજે.
સૌથી મોટો બનજે.




▽ન△ શોધો, ▽ન△ ▽△ન ▽ન△ ન▽△ ▽ન△



કૂતરાએ જોયું.
એ પણ મૂળા પાસે ગયું.
કૂતરાએ પાણી પાયું અને ગાયુંઃ

મૂળા મૂળા ખૂબ વધજે.
મોટો મોટો થાજે.
સૌથી મોટો બનજે.

મૂળો તો વધ્યો. ઊંડે... ઊંડે,
મો...ટ્ટો, મો...ટ્ટો અને લાંબો.
દાદા મૂળાને જમીનમાંથી કાઢવા
જોર દઈ ખેંચવા લાગ્યા.
ખૂબ જોર લગાવ્યું.





દાદાએ દાદીને બોલાવ્યાં.
દાદાએ મૂળો પકડ્યો.
દાદીએ દાદાને પકડ્યા.
પણ, મૂળો તો ઊંડે... ઊંડે,
મો...ટ્ટો મો...ટ્ટો અને લાંબો.
મૂળો બહાર આવ્યો નહીં.


■ગ■ શોધો: ■ગ■ ■■ગ ગ■■ ■ગ■

દાદાએ દાદીને બોલાવ્યાં.
દાદીએ ભાણીને બોલાવી.
દાદીએ પકડ્યા દાદા.
ભાણીએ પકડ્યાં દાદી.
ત્રણેએ જોર લગાવ્યું.
પણ, મૂળો તો ઊંડે... ઊંડે,
મો...ટ્ટો, મો...ટ્ટો અને લાંબો.





હવે તો ભાણીએ કૂતરાને બોલાવ્યો.
દાદાએ પકડ્યો મૂળો.
દાદીએ પકડ્યા દાદા.
ભાણીએ પકડ્યાં દાદી.
કૂતરાએ પકડ્યાં ભાણીનાં કપડાં.
ચારેયે જોર લગાવ્યું.
પણ, મૂળો તો ઊંડે... ઊંડે,
મો...ટ્ટો, મો...ટ્ટો અને લાંબો.

ઘરનાં બધાંએ ભેગાં મળી મૂળો ખેંચતાં ખેંચતાં ગાયું:

મૂળા મૂળા ખૂબ વધજે.
મોટો મોટો થાજે.
સૌથી મોટો બનજે.

 ◖ જ ◗ શોધો, ◯ કરો. ◖ ◗જ ◖ જ ◗ ◗◖જ ◖ જ ◗ 



ઘરનાં સૌ ભેગાં મળ્યાં, સૌએ જોર લગાવ્યું. મૂળાએ બહાર આવવું પડ્યું. ''સામી બાજુએ ધરતીએ જોર કર્યું અપાર, પણ જીતી ગયો આ પરિવાર, મૂળો આવી ગયો બહાર.'' બધાંએ ગાયું...

અજબ છે આ મૂળો
થાંભલા જેવો મૂળો
થોડોક ખાઈશું આજે
થોડો ખાઈશું કાલે
બાકીનો પરમદહાડે
પાંદડાં ખાઈશું રોજેરોજ
અને ખાઈશું મોટા ઓડકાર
અજબ મૂળાનો જયજયકાર!

 ◖ જ ◗ શોધો, ◯ કરો. ◖ ◗જ ◖ જ ◗ ◗◖જ ◖ જ ◗ (છ)

### વાતચીત

- વાર્તામાં ક્યારે ક્યારે હસવું આવ્યું?
- દાદાના ઘરમાં કોણ કોણ છે?
- ખેતરમાં બીજું શું શું હોય?
- જમીનની અંદર બીજું શું શું થાય?
- તમે મૂળો ખાધો છે? કાચો કે રાંધીને? મૂળો બીજી કઈ કઈ રીતે ખવાય?
- મૂળાને ખેંચવા કોણ કોણ આવ્યું?
- તમે ઘરે કયાં કયાં કામ કરો છો?
- મૂળાનો/ગાજરનો ઉપરનો, પાંદડાંવાળો ભાગ કાપી લો. તેને થોડા દિવસ પાણીમાં રાખો. જુઓ, શું થાય છે?
- આ બધાંથી પણ મૂળો ન નીકળે તો મૂળાને બહાર કાઢવા શું શું કરી શકાય? જોડકણું બનાવો.
- મૂળાની વાર્તા ઘરે બધાને કહેજો.

૫. ઊભા થાઓ અને વર્તુળમાં ઊભા રહો. તમારા શિક્ષક નીચેનાં વાક્યો બોલશે. જો વાર્તામાં એમ થતું હોય તો મૂળો ખેંચવાનો અભિનય કરો અને ન થતું હોય તો મૂળો ફેંકવાનો અભિનય કરો.

- ખેતરમાં ઘણાબધા મૂળા વાવ્યા.
- પરિવારના બધા સભ્યો પાણી પાતા હતા.
- મૂળો કાળો કાળો હતો.
- દાદાને મદદ કરવા દાદી આવ્યાં.
- મૂળો કાઢવા બહુ જોર કરવું ન પડ્યું.



૬. જમીનની અંદર થતી ખાવાની કોઈપણ ત્રણ ચીજ દોરો.

- આવી બીજી કઈ કઈ ચીજો જમીનની અંદર થાય? ઘરેથી પૂછી લાવો અને કહો.

- ચાલો, 'નાની મારી આંખ' ગાઈએ.

- ન, મ, ગ, જ અને ના, મા, ગા, જા થી બનતા શબ્દો જેવા કે નામ, ગગન, જમના, મગ શબ્દનો (અર્લીરીડરના છેલ્લા પાને) ઉપયોગ કરીને 'નામ'માં 'ના' અને 'મ', 'ગગન'માં 'ગ' અને 'ન' ઓળખાવો.
- આ રીતે ઓછામાં ઓછા ચાર શબ્દો લઈ મૂળાક્ષર જૂથના મૂળાક્ષરો ઓળખાવો.
- આ રીતે વર્ગમાં પરિચય કરાવ્યા પછી વર્ગને જૂથમાં વહેંચો.
- દરેક જૂથને બે બે શબ્દપત્તાં (નમ-નામ, જગ-જાગ) આપો અને તે જૂથને પોતાના શબ્દ ઓળખી લેવા કહો.
- હવે તે જૂથ બોર્ડ પાસે આવીને બોર્ડ પર લખેલા શબ્દોમાંથી પોતાના જૂથના શબ્દ ઓળખી બતાવે.
- દરેક જૂથનાં શબ્દપત્તાં બદલી ઉપર મુજબ કરાવો.
- ચારેય જૂથનાં શબ્દપત્તાંનો પરિચય થઈ જાય પછી નીચે જેવી પ્રવૃત્તિઓ કરાવો.
- બોર્ડ પર લખેલા શબ્દોમાંથી કોઈ અક્ષર બતાવી તે ઓળખવા કહો. તેમજ કોઈ અક્ષર બતાવી તે કયો અક્ષર છે કે નહીં તેમ પણ પૂછવું. દા.ત. - 'જગ'માં 'જ' બતાવી તે ન/ગ/પ છે? (પરિચયમાં એ કયો અક્ષર છે, એની સાથે એ કયો અક્ષર નથી તે મહત્ત્વનું છે.)



### ૭. તૂટેલા અક્ષરો પૂરા કરો.

બાળકોને પ્રશ્નો પૂછો, તેઓ જવાબ બોલે ત્યાર બાદ તે જવાબના અક્ષરો પૂરા કરવા કહો. એ જવાબ મોટેથી વંચાવો.

૧. મમ્મીના ભાઈને શું કહેવાય?

૨. મમ્મીના પિતાને શું કહેવાય?

૩. પાણી ભરવા શું વપરાય?

૪. હાથીને બીજું શું કહેવાય?

૫. મોટેરાંને શું કરાય?



### ૮. ખાલી જગ્યા પૂરો.

દરેક વાક્ય મોટેથી વાંચી સંભળાવો. તે વખતે બાળકોને વાક્યના શબ્દો પર આંગળી મૂકતા જવા કહો. વાક્યમાં જે શબ્દ કાઢી નાખવા જેવો લાગતો હોય તેના પર છેકો મારવા કહો. સાચા શબ્દને ફરી લખવા કહો.

૧. વાતો કરવાની [ગજા / મજા] પડે છે. મજા

૨. એ તો કેવી [અજબ / મજબ] જેવી વાત છે.

૩. મને [મગ / જગ] ભાવે છે.

૪. સસલાને [માજર / ગાજર] ભાવે છે.

## ૯. ગીત સાંભળો, ઝીલગાન કરો. ગાઓ.



આંગળી મારી લપટી એથી વગાડું ચપટી
એ તો કેવી અજબ જેવી વાત છે!
નાના મારા હાથ એ તાળી પાડે સાથ
એ તો કેવી અજબ જેવી વાત છે!
પગ મારા નાના એ ચાલે છાનામાના
એ તો કેવી અજબ જેવી વાત છે!
એ તો કેવી અજબ જેવી વાત છે.



- હવે આખું ગીત ગાઓ.
- ગીતની કડીમાં ન મ ગ જ આવે ત્યારે હાથ ઊંચો કરો.

વિદ્યાર્થીઓને સૂચના આપો કે હવે તમે બે વાર ગીતની પંક્તિ બોલશો. તે પંક્તિમાં જ્યારે ‘ન’ સંભળાય ત્યારે હાથ ઊંચો કરવો. તમારે પહેલી વાર પંક્તિ સ્વાભાવિક ઝડપે વાંચવી. બીજી વાર શબ્દ-શબ્દ છૂટો પાડીને વાંચવી.
આવી રીતે ગીતની બધી પંક્તિઓ માટે વારાફરતી ન, મ, ગ, જ, ના, મા, ગા, જા-ની ધ્વનિજાગૃતિની પ્રવૃત્તિ કરાવો.

## ૧૦. ‘આંચાકાનાજી’ રમો.

કેરી, ગીત, ચિત્ર, જલેબી, બેલ પડવો, વરસાદ પડવો જેવા શબ્દો બોલો. જે શબ્દ આંખને લાગુ પડતો હોય તે માટે વિદ્યાર્થીઓ આંખ બતાવે અને કાનને લાગુ પડતો હોય તો કાન પકડે તેવી સૂચના આપો.

## ૧૧. અક્ષર શોધી તેના ફરતે ◯ કરો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (મ) | → | મગન | ચમન | શરમ | મગર | મમરા |
| (ગ) | → | ગગન | ચગળ | જગત | ભગત | ગરમ |
| (ન) | → | તન | નમન | મકાન | નરમ | દુકાન |
| (જ) | → | જગત | જનક | કાજલ | જમરૂખ | તેજલ |

- મૂળાની વાર્તામાં 'મ' આવતા હોય તેવા શબ્દો નીચે લીટી કરો.

**૧૨. હથેળીમાં લખીએ.**

- એક વિદ્યાર્થીને બોલાવી તેની હથેળીમાં આંગળીથી ગ મ ન જ બનાવો. દરેક વખતે બાળકોને પૂછો કે તે કયો અક્ષર છે. વિદ્યાર્થીઓને આ રીતે પોતાની હથેળીમાં ગ મ ન જ બનાવવા કહો.
- હવે, વિદ્યાર્થીઓને જોડીમાં બેસાડો. તેમને એકબીજાની હથેળીમાં અક્ષર લખવા ઓળખવા કહો. આ પ્રમાણે એકબીજાની પીઠ પાછળ અક્ષર લખવા-ઓળખવા કહો.

- કહો/કરો પૂછો.
  - ❖ 'ગ' અને 'જ' માં શું જુદું છે? 'મ' અને 'ન' માં શું જુદું છે?
  - ❖ કવિતામાં 'ન' અને 'જ' હોય તેવા શબ્દો ઓળખી કાઢો.

ઉદાહરણ : 'મ'માં 'ન'ની ઉપર એક વધારાનો લીટો છે.

**૧૩. સાંભળીએ, લખીએ અને વાંચીએ.**

આપેલા અક્ષર પહેલાં છૂટા અને તરત જ ભેગા વાંચી સંભળાવો. જેમ કે, મ...જા... મજા. ત્યાર બાદ, બૉક્સમાં આપેલ શબ્દ બોલો. આ રીતે વંચાવ્યા પછી દરેક શબ્દ ઘૂંટીને લખવા કહો. તે શબ્દો મોટેથી વંચાવો. (વધુ મહાવરા માટે લેખનપોથીનો ઉપયોગ કરાવવો.)

| | | | |
|---|---|---|---|
| મ + જા → મજા | ના + ગ → નાગ | જા + ગ → જાગ | મા + મા → મામા |
| મા + ન → માન | ના + મ → નામ | જા + ન → જાન | ગા + મ → ગામ |

**૧૪.૧ ન, મ, ગ, જ પર છેકો કરો.**

પમજરતચકનરગ | તચગરજચપમગખ | નજખજગખમતનપ

**૧૪.૨ ના, મા, ગા, જા પર છેકો કરો.**

તાપાનાચાકામાજાસારામા | ગાનાફામાજાસાલાનામાપા

**૧૫.૧ આપેલા ફકરામાંથી પહેલાં ન, મ, તે પછી ગ, જ શોધી તેના પર છેકો કરો.**

મામાના ઘરમાં જમન જમવા બેઠો છે. મામી જમનને જમવાનું પીરસે છે. તે કહે છે, "જે જોઈએ તે માંગી લેજે. જે ગમે તે જમજે."

જ

૧૫.૨ આપેલા ફકરામાંથી પહેલાં ના, મા, તે પછી ગા, જા શોધી તેના પર છેકો કરો.

માહી, જમના, રીમા મારી બહેનપણી છે. અમને ગાવાનું ખૂબ ગમે. અમે જાદવમામા પાસે ગાવાનું શીખીએ છીએ.

૧૫.૩ સાંભળો, વાંચો અને ઘૂંટીને લખો. દર વખતે અક્ષર વધુ સારા આવે તેનું ધ્યાન રાખો.

માન માન

જાન જાન

નાગ

મોજાં

જાદુ

મામા

- ચાલો, 'નાની મારી આંખ' ગાઈએ.

૧૬. પ્રવૃત્તિ-૩ના ચિત્ર વિશે તમારા શિક્ષક વાત કરશે. તેમની વાતમાં ઉમેરો કરો.

આ ચિત્રમાં એક મોટું ઝાડ છે. શાનું ઝાડ છે? ઝાડ નીચે કોણ કોણ છે? તે બધાં શું કરે છે? આ રીતે પ્રશ્નો પૂછતા જઈ જે જવાબ મળે તેને વાક્ય તરીકે રજૂ કરો. આ રીતે ચિત્રવર્ણન બોલો.

- વિદ્યાર્થીઓને એકમ-૧ની અર્લીરીડર વારાફરતી વાંચવા કહો.



૧૭. ગાન કરો.

ચોરી કરવા ચાલ્યા ચોર,
સોની પોળમાં થયો શોર.
સિપાઈ મળ્યા સામા,
બાના ભાઈ તે મામા.
મામા લાવે છૂક છૂક ગાડી,
બાને માટે લાવે સાડી.
સાડીના રંગ પાકા,
બાપાના ભાઈ તે કાકા.

કાચાં કાચાં કારેલાં,
કાકીએ વઘારેલાં.
કાકી પડ્યાં રોઈ,
બાપાની બેન તે ફોઈ.
ફોઈ ફૂલડાં લાવે છે,
ફૂઆને વધાવે છે.
ફૂઆ ગયા કાશી,
બાનાં બહેન તે માસી.

**વાતચીત**

- કયા કયા શબ્દો યાદ રહ્યા છે?
- સામા તો મામા, સામી તો શું? (આવા બીજા શબ્દો બોલાવો.)
- તમારાં કાકીનું નામ શું છે? (તમારા મિત્રને કાનમાં કહો.)
- તમને ક્યારે રડવું આવે? શા માટે?
- તમારા મામા તમારા માટે શું શું લાવે છે? (તમારા મિત્રને કહો.)
- સોનીપોળમાં શોર કેમ થયો?
- મામા કઈ કઈ વસ્તુઓ લાવે છે? તમારા મામા તમારા માટે શું શું લાવે છે?
- ચોરને કોણ સામે મળ્યા?
- કાકીએ શું વધાર્યું?
- ફોઈ ફૂઆને શાનાથી વધાવે છે?

## ૧૮. શબ્દ અને વાક્યો વાંચીએ.

**આ શબ્દો અને વાક્યો સૌપ્રથમ વિદ્યાર્થી દ્વારા વંચાતા હોય ત્યારે બોર્ડ ઉપર લખવા. બોર્ડ પરના શબ્દો અને વાક્યો વંચાઈ જાય તે બાદ દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત વંચાવવા.**

| | | |
|---|---|---|
| **નમન નમ** | **જમન નમ** | **નયન નમ** |
| **નમન ગાજર જમ** | **નયન ગાજર જમ** | **મગન ગાજર જમ** |
| **ગગન જામનગર જા.** | **નયન જામનગર જા.** | **મગન જામનગર જા.** |

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

## ૧૯. કોણ ગુમ થયું? પ્રવૃત્તિ કરો.

બાળકોનાં પાંચ પાંચનાં જૂથ બનાવો. બોર્ડ પર એકમ અનુસાર ત્રણ શબ્દો લખો. દરેક જૂથને એ શબ્દો વાંચીને યાદ રાખવાનો સમય આપો. ત્યાર બાદ બધાંને આંખ બંધ કરીને આગળની તરફ નમવા કહો. હવે બોર્ડ પર લખેલા શબ્દોમાંથી એક શબ્દ ભૂંસી નાખો. સૂચના આપો કે તમે તાળી પાડો ત્યારે વિદ્યાર્થીઓ આંખ ખોલીને ઝડપથી કહે કે કયો શબ્દ ગુમ થયો. આંખ ખોલાવ્યા પછી જે જૂથ કહી દે કે કયો શબ્દ ગુમ થયો તે જૂથને એક પોઈન્ટ મળશે. પછી ચાર કે પાંચ શબ્દો લઈ આ પ્રવૃત્તિ કરાવી જુઓ. એકસાથે બે/ત્રણ શબ્દ પણ ગુમ કરી શકાય.



## ૨૦. સાંભળીને લખો.

વર્ગના દરેક વિદ્યાર્થીને આ એકમના અક્ષર આધારિત પાંચ શબ્દો અને ત્રણ વાક્યોનું શ્રુતલેખન કરાવો.

૧. મજા ______ ૨. ______ ૩. ______

૪. ______ ૫. ______ ૬. ______

વાક્ય ૧ ______

વાક્ય ૨ ______

વાક્ય ૩ ______

શિક્ષકની સહી : ______ | A | B | C | તારીખ : ______



## ૨૧. વાર્તા સાંભળીએ, વાંચીએ.

સૌને દેખાય તેમ મોટેથી બિગ બુકમાંથી વાર્તા વાંચી સંભળાવો. બિગ બુક બાળકો જોઈ શકે તેમ રાખવી. બોલાતા શબ્દોનો વિદ્યાર્થીઓને ખ્યાલ આવે તે રીતે આંગળી મૂકીને વાર્તા વાંચવી.

## ૨૨. તમારું નામ લખો.

દરેક વિદ્યાર્થીને તેનું નામ લખી આપો. વિદ્યાર્થીને તેના નામની નકલ કરવા કહો.

ઉદાહરણ :

| દિ | ગ્વિ | જ | ય | | |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

મારું નામ : ______ છે.

(તમારું નામ લખો.)

## ૨૩. રમકડું બનાવીએ.

વર્ગના વિદ્યાર્થીઓનાં નાનાં જૂથ પાડી તેમને ભાવતાં શાક, મીઠાઈ, ફળ, ગમતાં વાહનો અને ઘરની ચીજવસ્તુઓ માટીમાંથી બનાવી લાવવા કહો. નિર્માણ થયેલાં આ રમકડાં વિશે વાતચીત કરો.

## ૨૪. ફરી યાદ કરીએ...!



એકમ-૧ પૂરો થયા પછી "ફરી યાદ કરીએ...!" એવા શીર્ષક હેઠળ પ્રશ્નો આપ્યા છે. તેનો ઉદ્દેશ બાળકો સાથે વાતચીત કરી તેઓ શું શીખ્યાં, કેવી રીતે શીખ્યાં, શામાં મજા પડી, શું ન ગમ્યું, શું કરવાનું બાકી છે, કેવી રીતે કરીશું - જેવી બાબતો પ્રત્યે સભાન કરવાનો છે.

(૧) કયું ગીત ગાવાની મજા પડી હતી?

(૨) આપણે સૌ ક્યારે ખૂબ હસ્યાં હતાં?

(૩) 'ન' 'મ' 'ગ' 'જ'માંથી તમને શું પહેલાં લખતાં આવડી ગયેલું?

(૪) લખવામાં શી મુશ્કેલી પડતી હતી / પડે છે?

(૫) તમારું નામ કેટલી વાર લખ્યું હતું?

(૬) કોણે મૂળાની વાર્તા ઘરે કહી હતી? કોણે સાંભળી હતી? જેણે સાંભળી તેણે પછી શું કહ્યું હતું?

(૭) તમે માટીમાંથી કયું રમકડું બનાવ્યું હતું? તે બનાવવામાં તમને કોણે કોણે મદદ કરેલી?

(૮) આ એકમમાં આપણે ઘણી બધી પ્રવૃત્તિઓ કરી. તેમાં કઈ પ્રવૃત્તિ તમને વારંવાર કરવી ગમી?




| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | |

**એકમ-૨ માટેની પૂર્વતૈયારી...**

- વાર્તાનાં પાત્રોનાં મહોરાં
- વ ર સ દ, વે રે સે દે અક્ષરકાર્ડ
- પ્રવૃત્તિ માટે સંગીતનાં સાધનો
- ગીત લખવા માટે કાર્ડશીટ
- કાગળ કામ પ્રવૃત્તિ માટે જૂનાં છાપાં કે કાગળ
- વર્ગ પુસ્તકાલયનાં પુસ્તકો
- લાર્જ સ્ટોરી બુક, ચિત્રકેલેન્ડર, અર્લીરીડર, પોસ્ટર, શબ્દમિલાપ પેટી, પ્રૉજેક્ટ પ્રવૃત્તિ બુક, સ્લેટ, પેન



શિક્ષકની સહી : ........................ વાલીની સહી : ........................

તારીખ : ........................ તારીખ : ........................

# ૨. વરસાદની મજા

B5B3P1

## ૧. વરસાદની ઋતુ જામી છેને! આવો, પાંચ જોડકણાં ગાઈએ.

આવ રે વરસાદ
ઘેબરિયો પરસાદ
ઊની ઊની રોટલી ને
કારેલાંનું શાક

એક બે ત્રણ ને ચાર,
વરસે વરસાદ મુશળધાર.
પાંચ છ સાત ને આઠ,
દિવસે જાણે લાગે રાત.
નવ પછી આવે દસ,
તડકો લાગે કેવો સરસ!

વાદળ વાદળ વરસો પાણી,
મુજને મજા પડે રમવાની.
ઠંડક ઠંડક થાય મારે મન,
ટાઢક ટાઢક થાય મારે તન.
વાદળ વાદળ વરસો પાણી,
જાય નાસી ગરમીની રાણી.

આવો મેઘરાજા, વગડાવો વાજાં,
પીપીપીપી પોમ્ પોમ્ (૨)
મુશળધાર મુશળધાર...
વરસે છે પાણીડાધાર
છલબલ છલબલ છોમ છોમ (૨)
રેલમછેલ રેલમછેલ...
નદીનાળાં રેલમછેલ...
સરરરર, સરરર સોમ્ સોમ્ (૨)

કાલે કાલે પાનીવાલે
આસમાન મેં બાદલ આયે
બોલો, કૈસે આકાર છાએ,
બરસે બાદલ, કલકલ છલછલ
તૈર ચલી કાગજ કી નૈયા
પૂંછ ઉઠાકર ભાગી ગૈયા.




વિદ્યાર્થીને કહો કે તમે જે શબ્દો બોલો તે શાના વિશે છે તે ઓળખે.

બોલવા જેવા શબ્દો : દેડકાં, ભજિયાં, છત્રી, કીચડ, વીજળી, વાદળોનો ગડગડાટ

વિદ્યાર્થીઓ જવાબ આપે પછી પૂછો :

- વરસાદમાં તમને શું ગમે, શું ન ગમે?
- વરસાદ પડે ત્યારે તમે શું શું કરો?
- વરસાદ પડતો હોય ત્યારે મમ્મી-પપ્પા શું કહેતાં હોય છે?
- વરસાદ પડે ત્યારે બધા લોકો કઈ કઈ વાતો કરે છે?

## ૨. ચિત્ર પરથી વાતચીત કરો. (ચિત્ર કેલેન્ડરનો ઉપયોગ કરો.)



### વાતચીત

૧. કેટલાં છોકરા છે? કેટલી છોકરીઓ છે?
૨. વરસાદ આવે ત્યારે તમે શું શું કરો છો? આ છોકરા ખુશ શા માટે છે?
૩. છોકરા સાઈકલને ધક્કા કેમ મારતા હશે?
૪. ચિત્રમાં કયાં કયાં વાહનો છે? ખાવાની કઈ કઈ વસ્તુઓ છે?
૫. જો વરસાદ બંધ ન થાય તો લોકો ઘરે કેવી રીતે જાય?
૬. વરસાદથી બચવા લોકો શું કરે છે?
૭. બાઈક પાસે ઊભેલા ભાઈ શું વિચારતા હશે?
૮. ચોમાસામાં તમને શું શું ખાવાનું મન થાય છે?
૯. વરસાદ આવે ત્યારે કેવી કેવી મુશ્કેલીઓ પડે છે?
૧૦. આ ચિત્ર ગામનું છે કે શહેરનું છે?
૧૧. સૌથી મોટી ઉંમરના માણસ ક્યાં ઊભા છે?
૧૨. ચિત્રમાં સૌથી નાનું કોણ છે? તમને કઈ રીતે ખબર પડી?


વ ર સ દ શોધો ◯ કરો. લ મ વ ક ર પ ગ સ મ બ દ

- રિસેસમાં તમારા મિત્રને આ ચિત્રની વાત કરો.

## ૩. બોર્ડ પર લખેલાં વાક્યો ઝડપથી બોલો.

**અહીં આપેલા નમૂનારૂપ જીભતોડિયાં બોર્ડ પર લખો. પહેલાં એક-એક વાક્ય બોલાવો. પછી આખું ટંગ ટ્વીસ્ટર બોલાવો. શરૂઆતમાં ધીમેથી અને પછી ઝડપથી બોલવા કહો.**

- કાચો પાપડ પાકો પાપડ
  કાચો પાપડ પાકો પાપડ
- લાલા ગોપ, ગોપમદાસ,
  લીલા લાલ દાસમદાસ
- કાચા કાચા આપો પાછા
  પાકા પાકા રાખો કાકા
- પાંચ પાપડ કાચા કાકા
  પાંચ પાપડ પાકા કાકા
- રાત આવે, દિવસ ભાગે
  દિવસ ભાગે, રાત આવે.
- રામ રાજા, રાજા રામ
  રાજા લાવે વાજાં રામ.

## ૪. વાર્તા સાંભળવી છે? તો સાંભળો.

### સૂરજ અને ચંદા

ઘણા વખત પહેલાંની વાત છે. દિવસ નામનો એક માણસ હતો. એની વહુનું નામ રાત. એ બહુ સુંદર હતી. એને બે બાળકો હતાં. દીકરો સૂરજ અને દીકરી ચંદા. બધાં મોજથી રહેતાં.



એક દિવસ સૂરજ અને ચંદા ફરવા નીકળ્યાં. ચારેબાજુ રંગબેરંગી ફૂલો હતાં. પતંગિયાં હતાં. પંખીઓ કલરવ કરતાં હતાં. અચાનક જોયું તો ઘનઘોર જંગલ. હવે શું કરવું?

એ જંગલમાં એક મોટો અજગર રહેતો હતો. તે કેટલાય દિવસોનો ભૂખ્યો હતો. બાળકોને જોઈને એને વધારે ભૂખ લાગી.

અજગર સૂરજ અને ચંદાની પાસે ગયો. એક ઝપાટામાં બંનેને ગળી ગયો. સરસ જમણ હતું. આરામ કરવા અજગર નદીકિનારે ગયો. આ બાજુ દિવસ અને રાતની ચિંતાનો પાર નહીં. બાળકોને શોધી શોધીને થાક્યાં. એક ઝાડની નીચે બેઠાં. ઝાડની ડાળ પર બે કાગડા હતા. એમણે અજગરને જોયેલો. એક કાગડાએ કહી દીધું કે સૂરજ અને ચંદા તો અજગરના પેટમાં છે.

દિવસ અને રાત ગભરાયાં. રાત એની બહેન ઊંઘ પાસે ગઈ. ઊંઘે સરસ રસ્તો કાઢ્યો, 'હું

અજગરને ઊંઘાડી દઈશ. તું સૂરજ અને ચંદાને બહાર કાઢી લેજે.' પછી એ લોકો જંગલમાં ગયાં. ઊંઘ હળવેથી અજગરની આંખોમાં ઘૂસી ગઈ. અજગરે મોટું બગાસું ખાધું અને મોઢું ખુલ્લું રાખીને સૂઈ ગયો. રાત અજગરની ઉપર પડી. એણે બંને બાળકોને બહાર ધકેલી દીધાં. બધાંએ દોટ મારી મૂકી. ઊંઘ પણ કૂદીને બહાર નીકળી અને અલોપ થઈ ગઈ.



અજગર જાગી ગયો. એણે બાળકોને દોડતાં જોયાં. એ એમની પાછળ દોડ્યો. પણ સૂરજ અને ચંદા તો પહાડ પર ચઢીને આકાશમાં ઊડી ગયાં. અજગર ગુસ્સાથી ધૂંઆપૂંઆ. એણે જોરથી ફૂંફાડો માર્યો. સૂરજ અને ચંદા તે દિવસથી આકાશમાં જ રહે છે. અજગર એમને ગળી શકતો નથી.

**વાતચીત**

- વાર્તામાં ક્યારે ક્યારે તમને દુઃખ થયું? વાર્તાની કઈ વાતથી તમને મજા આવી ગઈ?
- તમને બીક લાગે ત્યારે તમે શું કરો?
- સૂરજ અને ચંદાનાં મમ્મી અને પપ્પાનું નામ શું છે?
- સૂરજ અને ચંદાને કોણ ગળી ગયું?
- અજગર સૂરજ અને ચંદાને ગળી જતો હતો તે કોણે જોયેલું?
- રાતની બહેન સાંજ હતી. સાચું કે ખોટું?
- સૂરજ અને ચંદા ક્યાં ઊડી ગયાં?
- આ વાર્તા ઘરે બધાંને કહેજો.



**૫. અભિનય કરો.**

- અજગર સૂરજ અને ચંદા પાસે ગયો. એક ઝપાટામાં બંનેને ગળી ગયો.
- અજગરે મોટું બગાસું ખાધું અને મોઢું ખુલ્લું રાખીને સૂઈ ગયો.
- રાત અજગરની ઉપર પડી. એણે બંને બાળકોને બહાર ધકેલી દીધાં.
- અજગરે જોરથી ફૂંફાડો માર્યો.

**૬. પ્રશ્નોના જવાબ આપો. દરેક જવાબ ચાર વખત લખો. લખતી વખતે જવાબ મોટેથી બોલો.**

બોલતાં જઈ કેવી રીતે લખાય તેનું ઉદાહરણ બોર્ડ પર આપો.

૧. ચંદાનાં મમ્મીનું નામ શું હતું?

**જવાબ.** રાત રાત રાત રાત

૨. રાતના પતિનું નામ શું હતું?

**જવાબ.** દિવસ દિવસ દિવસ દિવસ

૩. અજગર આરામ કરવા ક્યાં ગયો?

**જવાબ.** નદીકિનારે નદીકિનારે નદીકિનારે નદીકિનારે

૪. પંખીઓ શું કરતાં હતાં?

**જવાબ.** કલરવ કલરવ કલરવ કલરવ

૫. સૂરજ અને ચંદાને કોણ ગળી ગયું?

**જવાબ.** અજગર અજગર અજગર અજગર



## ૭. બગાસું ખાઓ, ઊંઘી જાઓ.

**ફરી એક વાર વાર્તા વાંચી સંભળાવો. નીચેનાં વાક્યો મોટેથી વાંચો. વિદ્યાર્થીઓને વાર્તાને લાગુ પડતાં હોય તેવાં વાક્ય બોલાય ત્યારે બગાસું ખાવાનો અભિનય અને વાર્તાને લાગુ પડતાં ન હોય તેવાં વાક્યો બોલાય ત્યારે ઊંઘી જવાનો અભિનય કરવા કહો.**

૧. અજગર નામનો માણસ હતો.
૨. ચંદાની બહેન સૂરજ હતી.
૩. આરામ કરવા અજગર નદીકિનારે ગયો.
૪. કાગડાએ સૂરજ અને ચંદાનું ઠેકાણું બતાવ્યું.
૫. સૂરજ અને ચંદા જમીન પર રહે છે.
૬. કાગડો ગુસ્સાથી ધૂંઆપૂંઆ થયો.

## ૮. સૂનો, ઢૂંઢો, નિકાલો.



| | | | | | |
|---|---|---|---|---|---|
| જમાદાર | સસલું | વાહન | દડો | રાજા | વડ |
| રમકડું | દાદર | સગડી | દાડમ | ગાય | રાસ |

- **ઉપરના શબ્દો બોલો. વિદ્યાર્થીઓને કહો કે જે શબ્દમાં તમને 'વ' સંભળાય તે શબ્દ ઓળખો અને તેમાંથી 'વ' છેકી નાખો.**
- **હવે, એક-એક મૂળાક્ષર વારાફરતી લઈ 'ર', 'સ' અને 'દ' માટે આ પ્રવૃત્તિ કરાવો.**

## ૯. અક્ષરથપ્પો રમો.

- **વ , ર , સ , દ ના ફ્લૅશકાર્ડ બનાવીને તે અક્ષર બોલીને વિદ્યાર્થીઓને અક્ષરોનો પરિચય કરાવો.**
- **આઠ વિદ્યાર્થીઓને વ, ર, સ, દ, ન, મ, ગ, જ - ના ફ્લૅશકાર્ડ પહેરાવી વર્ગમાં દીવાલની નજીક છૂટાં છૂટાં ગોઠવી દો.**

- વર્ગના બાકીના વિદ્યાર્થી વર્ગની વચ્ચે બેસશે. તેમાંથી આઠ વિદ્યાર્થીને કોઈ એક અક્ષરની રમત રમવા ઊભા કરો.
- તમે ખંજરી કે ઘૂઘરો વગાડો. તે વગાડવાનું બંધ કરી તમે જે અક્ષર એક બોલો તે અક્ષરવાળા વિદ્યાર્થી પાસે પેલા આઠ રમનારા વિદ્યાર્થીએ જવાનું છે તેમ આગળથી સૂચના આપો.
- ઉપરની સૂચના પ્રમાણે ખંજરી/મંજીરાં વગાડો, બંધ કરીને અક્ષર બોલો.
- રમનારા આઠ વિદ્યાર્થીઓ તે મૂળાક્ષર ઓળખી શક્યા કે નહિ, તે વચ્ચે બેઠેલા વિદ્યાર્થીઓને નક્કી કરવા કહો.
- હવે, તે આઠ વિદ્યાર્થીઓને બેસાડી દઈ બીજા આઠ વિદ્યાર્થીઓને ઊભા કરી બીજા કોઈ એક મૂળાક્ષરની રમત રમાડો.
- આમ, વારાફરતી દરેક મૂળાક્ષરની રમત રમાડો.

- ચાલો, ફરી એકવાર જોડકણાં ગાઈ લઈએ.

## ૧૦. વ, ર, સ, દ આકાર શોધી તેના પર ☐ કરો. :

રમેશને સેવ ખૂબ ભાવે. સેવનું નામ પડતાં તેના મોંમાં રસ આવે. સેવનો તે દીવાનો, સેવનો તે રસિયો. દિવસ ને રાત રમેશને તો બસ,સેવ સેવ સેવ! તેની આ ટેવ ભુલાવવા તેની મમ્મીએ એક દવા કરી. કહો તો, શું હશે તે દવા ?




એકમ-૧માંની હથેળીમાં લખીએ પ્રવૃત્તિની જેમ વિદ્યાર્થીઓને એક પછી એક વ, ર, સ, દ પોતાની હથેળીમાં, મિત્રની હથેળીમાં, મિત્રના ડાબા ગાલ પર, પોતાના જમણા ગાલ પર અને તે પછી મિત્રની પીઠ પર લખવા કહો.

## ૧૨. શબ્દો તૂટી ગયા છે, તમે ભેગા કરી વાંચો.

- આપેલા અક્ષરોનાં અને શબ્દોનાં કાર્ડ બનાવી લો. આ કાર્ડ વડે પહેલાં અક્ષરોનો (દા.ત. રા, સ) અને તેનાથી બનતા શબ્દ(રાસ)નો પરિચય કરાવો.
- કાર્ડ માટે જોઈએ તેટલા વિદ્યાર્થીઓને આગળ બોલાવી અક્ષરો જોડીને શબ્દ બનાવવા કહો.
- આ શબ્દ બોર્ડ પર લખી બધા વિદ્યાર્થીઓને વંચાવો.
- આ રીતે બાકીના શબ્દો અને તેના અક્ષરોનો પરિચય અને મહાવરો કરાવો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| રા | સ | ⇨ રાસ | સા | દ | ⇨ સાદ | જા | ગે | ⇨ જાગે |
| સે | વ | ⇨ સેવ | વા | ર | ⇨ વાર | ગા | જે | ⇨ ગાજે |

 વ પર ◯ કરો. ગ સ લ વ મ પ વ ર દ ત દ વ મ લ છ વ (વીસ)

| વ | ર | સે | ⇨ | વરસે |
|---|---|---|---|---|

| વા | ન | ર | ⇨ | વાનર |
|---|---|---|---|---|

- શબ્દો શોધો અને લખો.

ન વા ર    ર વ સે    ર વા    વા સે    ગે જા    જે ગા

૧૩. ગાઓ. મૅચિંગ મૅચ રમો.



વાહ રે વાહ! રજા પડી, મજા આવી!
રેખાના ઘરે જવાના મેથીગોટા ખાવાના!
દેવલના ખેતરે જવાના, સેવ મમરા ખાવાના!
મનગમતા મગભાત જમવાના,
દેવની દેરીએ જવાના, જે જે કરવાના!

- વિદ્યાર્થીઓને ચાર જૂથમાં વહેંચો. (વ ર સ દ), (ન મ ગ જ), (વા રા સા દા), (ને મે ગે જે) દરેક વિદ્યાર્થીને તેમના જૂથ પ્રમાણે અક્ષરપત્તાં આપો અને તે અક્ષર જૂથમાં એકબીજાને ઓળખાવવા કહો. એક ચાર્ટપેપર/રોલ અપ બોર્ડ / કાર્ડ પેપર પર ઉપરનું ગીત એવી રીતે લખો કે વિદ્યાર્થી તેના પર શબ્દપત્તાં ગોઠવી શકે.
- હવે, ગીત બે વાર ગવડાવો. તે પછી દરેક જૂથને વારાફરતી બોલાવો અને તેમની પાસેનાં અક્ષરપત્તાં ગીતના યોગ્ય અક્ષર પર મૂકવા કહો.
- આ રમત ના, મા, ગા, જા, વે, રે, સે દે માટે પણ કરાવી શકાય.
- જૂથનાં અક્ષરપત્તાં બદલીને આ રમત વારંવાર રમાડો.

૧૪. વાર્તા સાંભળો : ‘સૂરજ અને ચંદા’

લાર્જ સ્ટોરી બુક વંચાવતી વખતે જેમ પુસ્તકનું લખાણ વિદ્યાર્થીઓને દેખાય તેમ રાખીએ છીએ તે રીતે પાઠ્યપુસ્તક પકડી વાર્તા વાંચી સંભળાવો. તે પછી ઝીલવાંચન કરાવો.

‘હોડી’ કવિતા આવવાની છે. તેની પૂર્વતૈયારી માટે માટીમાંથી હોડી બનાવી તેને રંગીને શાળામાં લાવવાનું ગૃહકાર્ય આપી દો. કવિતા શરૂ થાય તે પહેલાં બધાં પાસે હોડી હોય તેમ ગોઠવણ કરો.

૨૧   સ   પર ગોળ કરો. ગ સ લ વ મ સ વ ર દ સ દ વ મ સ છ (એકવીસ)

## ૧૫. ઓળખો, મોટેથી બોલો, બતાવ્યા પ્રમાણે લખો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વ | વ | વ | વ | વ | વ | વ | વ | વ | વ | વ |
| | વ | | | | | | | | | |
| ર | ર | ર | ર | ર | ર | ર | ર | ર | ર | ર |
| | ર | | | | | | | | | |
| સ | સ | સ | સ | સ | સ | સ | સ | સ | સ | સ |
| | સ | | | | | | | | | |
| દ | દ | દ | દ | દ | દ | દ | દ | દ | દ | દ |
| | દ | | | | | | | | | |

- 'સૂનો, ઢૂંઢો, નિકાલો' રમો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| વહાણ | તરબૂચ | દાડમ | સેવક | ઝવેરાત | દેણપ |
| દફતર | કબૂતર | મારગ | દાદરા | સાદરા | વરસાદ |

 ર પર ગોળ કરો. ગ સ ર વ મ સ વ ર દ સ ર વ મ ર છ વ 

૧૬. સૂરજ અને ચંદા વાર્તા સાંભળો. વાર્તામાં જે જે શબ્દ વાંચતા આવડે તેની નીચે લીટી કરો. મિત્રોને તે શબ્દો વાંચી સંભળાવો.

૧૭. ઓળખો, મોટેથી બોલો, લખો.

| | | | | |
|---|---|---|---|---|
| વ | વ | વ | વ | વ |
| ર | ર | ર | ર | ર |
| સ | સ | સ | સ | સ |
| દ | દ | દ | દ | દ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર | વાર | | | | |
| ગામ | ગામ | | | | |
| ગમે | ગમે | | | | |
| જાગે | જાગે | | | | |
| રેસા | રેસા | | | | |
| વેદ | વેદ | | | | |

શિક્ષકની સહી : ________ | A | B | C | તારીખ : ________

૨૩ દ પર ગોળ કરો. ગ દ ર વ દ સ વ ર દ સ ર વ મ દ છ વ

- અક્ષરથપ્પો રમો.

૧૮. 'બ' વિભાગના અક્ષરોને 'અ' વિભાગ જેવા બનાવો.

| અ | | બ |
|---|---|---|
| ૧. ગામે વરસાદ વરસે. | : | ગ મ   વ ર સ દ   વ ર સ |
| ૨. દેવ દવા લાવે. | : | દ વ   દ વ   લ વ |
| ૩. રેવાને ગાજર ગમે. | : | ર વ ન   ગ જ ર   ગ મ |
| ૪. મગનના કાન નકામા. | : | મ ગ ન ન   ક ન   ન ક મ |
| ૫. જમાદાર કામ દે. | : | જ મ દ ર   ક મ   દ |

૧૯. વાક્યને ચિત્ર સાથે જોડો.



વરસાદ વરસે



દાદા ગમે



મગન જમે



રમા રમે



## ૨૦. વાર્તા સાંભળીએ, વાંચીએ.

સૌને સંભળાય તેમ મોટેથી વાંચી સંભળાવો. લાર્જ સ્ટોરી બુકનો ઉપયોગ કરી શકો. લાર્જ સ્ટોરી બુક બાળકો જોઈ શકે તેમ રાખવી. બોલાતા શબ્દોનો વિદ્યાર્થીઓને ખ્યાલ આવે તે રીતે આંગળી મૂકીને વાર્તા વાંચવી.

## ૨૧. શબ્દ મોટેથી વાંચો. બોલતાં બોલતાં વધુ સારી રીતે લખતા જાઓ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| વાર | | | | | | | | |
| સાદ | | | | | | | | |
| દાવ | | | | | | | | |
| માન | | | | | | | | |
| સેવ | | | | | | | | |
| દેવ | | | | | | | | |
| ગેસ | | | | | | | | |
| મેના | | | | | | | | |
| નાવ | | | | | | | | |
| દવા | | | | | | | | |
| વાદ | | | | | | | | |

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

૨૨. મોટેથી વાંચો. નમૂના મુજબ સ્લેટમાં લખો.

| | |
|---|---|
| ૧. મેના રાસ રમે. | ૨. મેનાને રાસ ગમે. |
| ૩. વેદ રસ જમે. | ૪. વેદને રસ ગમે. |
| ૫. દેવ સેવ જમે. | ૬. દેવને સેવ ગમે. |

- વિદ્યાર્થીઓને વારાફરતી એકમ-૨ની અર્લીરીડર વાંચવા કહો. તેમાં આવતા શબ્દો અને વાક્યો તેમની સ્લેટમાં લખવા કહો.

૨૩. અભિનય સાથે ગાન કરો. આપેલા શબ્દો લખો. કવિતા ફરીથી ગાઓ.

### ચાલો, ચાલોને...

૧. ચાલો, ચાલોને રમીએ હોડી હોડી...
૨. ચાલો, ચાલોને રમીએ હોડી હોડી...
૩. વરસ્યો વરસાદ ખૂબ આજે મુશળધાર.
૪. ઝરણાં નાનાં જાય દોડી દોડી... ચાલો, ચાલોને.
૫. બાપુનાં છાપાં ને નક્કામાં થોથાં,
૬. કાપીકૂપીને કરીએ હોડી... ચાલો, ચાલોને.
૭. સાદી ને સઢવાળી, નાની ને મોટી
૮. મૂકીએ પવનમાં છોડી છોડી... ચાલો, ચાલોને.
૯. ખાલી રાખેલી ઊંઘી વળે તો,
૧૦. પાંદડાં ને ફૂલ ભરું તોડી તોડી... ચાલો, ચાલોને.
૧૧. જાશે દરિયાપાર પરીઓના દેશમાં,
૧૨. સૌથી પહેલી દોસ્ત મારી હોડી... ચાલો, ચાલોને.

- પિનાકિન ત્રિવેદી



સઢ

મુશળ



થોથાં



પરી

**વાતચીત**

- કઈ લીટી ગાવાની મજા પડી? મોટેથી ગાઓ.
- આ હોડી શામાંથી બનાવવામાં આવી છે? કાગળની હોડી બનાવો.
- 'મુશળધાર વરસાદ' એટલે વધુ વરસાદ કે ઓછો વરસાદ?
- તમે ક્યારેય હોડીમાં બેઠાં છો? કોની સાથે? ક્યાં?
- મુશળધાર વરસાદ પડે ત્યારે શું શું થાય?
- પરીઓના દેશમાં આપણા દેશ કરતાં શું સરખું, શું જુદું હશે?



## ૨૪. સાંભળો, જુઓ, શબ્દ ઓળખો.

એક એક પંક્તિ ગાવી. બાળકોને નીચે જેવા પ્રશ્નો પૂછવા. બાળકોને સાંભળીને અને કવિતામાં જોઈને જવાબ આપવા કહો.

૧. 'ચાલો' શબ્દ કેટલી વાર આવ્યો?

૨. કડીમાં 'મુશળધાર' શબ્દ ક્યાં છે? આંગળી મૂકી બતાવો.

૩. 'આ લીટીના શબ્દો ગણીએ' એમ કહીને શબ્દો ગણાવો.

૪. બીજી લીટીમાં 'હોડી' શબ્દ કેટલી વખત આવે છે?

૫. પહેલી ત્રણ લીટીમાં કોઈ એક જગ્યાએ 'ખૂબ' છે - તે શોધી બતાવો.

૬. આઠમી લીટીમાં ચામડીને સ્પર્શતું શું આવે છે?



## ૨૫. દેડકાની જેમ બે વાર કૂદો. રમત રમો.

અહીં આપેલાં વાક્યોના શબ્દકાર્ડ વિદ્યાર્થી પાસે બનાવડાવો. કોઈ એક શબ્દકાર્ડ કોઈ એક વિદ્યાર્થીને મળે તે રીતે બધાં શબ્દકાર્ડ વહેંચી દો. હવે શિક્ષકે આપેલ વાક્ય મોટેથી બોલવું. આ વાક્યમાં આવતા શબ્દો જે બાળકો પાસે હશે તે આગળ આવી શબ્દના ક્રમમાં ગોઠવાઈ જશે અને બાકીનાં બાળકો મોટેથી વાક્ય બોલશે. શબ્દપત્તાં પટ્ટી પર પણ ગોઠવી શકાય. શરૂઆત એક વાક્યથી કરવી. પછી બે કે વધુમાં વધુ ત્રણ વાક્યો લઈ શકાય. શબ્દપત્તાં ધોરણ-૨ના વિદ્યાર્થીઓ પાસે પણ બનાવડાવી શકાય.

૧. નમન નમ.

૨. મગન ગાજર જમ.

૩. ગગન જામનગર જા.

૪. જમના ગામ જા.

૫. વરસાદ વરસે છે.

૬. સેવ સરસ છે.

૭. વેદ રમે છે.

૮. દાદા જમે છે.

૯. ગાજર મજાનાં છે.

૧૦. રામ રાજા છે.

- ચાલો; કાગળમાંથી હોડી, વિમાન કૅમેરા, દેડકો, પંખો, પડીકું, ફરકડી કે બીજું કંઈ બનાવતાં આવડતું હોય તો તે પણ બનાવો અને તમારા મિત્રોને બનાવતાં શીખવો.



## ૨૬. ચિત્રનું નામ લખો.

મારું નામ : ______________ છે. (તમારું નામ લખો.)













શિક્ષકની સહી : ______________ | A | B | C | તારીખ : ______________

## ૨૭. વાક્યો મોટેથી વાંચો. ખાલી જગ્યા પૂરો.

વેદ જમે છે.
ગાજર મજાનાં છે.
વેદ સરસ રમે છે.
રસ સરસ છે.
દાદા સવારે જાગે છે.

૧. ______ સવારે જાગે છે.
૨. વેદ સરસ ______ છે.
૩. ______ જમે છે.

વરસાદ વરસે સર સર સર
સાવન ગાજે ગર ગર ગર
વાજાં વાગે જન જન જન
સાવજ ગરજે જર જર જર

૧. ______ ગાજે ગર ગર ગર.
૨. વરસાદ વરસે ______ સર સર.
૩. વાજાં ______ જમ જમ જમ.



## ૨૮. સાંભળો, ક્રિયા કરી બતાવો.

નીચે જેવાં વાક્યો બોલો. તે ક્રિયા વિદ્યાર્થીને કરવા કરો.

૧. કાઢો દફતરમાંથી સ્લેટ.
૨. નામ તમારું બોલો.
૩. કરો હાથ તમારા ઉપર.
૪. ખણો મિત્રને ચૂંટલી.
૫. લખો નામ સ્લેટમાં તમારું.
૬. તાળી પાડો સાત.

## ૨૯. મિત્ર સાથે મળીને આપેલા શબ્દો યોગ્ય રીતે ગોઠવીને વાક્યો બનાવો.

૧. સર સર વરસે વરસાદ
______

૨. જા રમવા દેવેન
______

૩. જમવા રાજા જા
______

૪. જમ મગ મગન
______

૫. મજાનાં છે ગાજર
______

૬. છે રસ સરસ
______

૭. જાગે દાદા છે સવારે
______

૮. રમે વેદ સરસ છે
______

વે

## ૩૦. રમત : નદી કે પર્વત

- મેદાનમાં કે વર્ગખંડમાં વચ્ચે મોટી લીટી દોરો. લીટીની એક તરફ પર્વત છે, બીજી તરફ નદી. બાળકો પર્વત તરફ ઊભા રહેશે. શિક્ષક અથવા એક બાળક સૂચના આપશે; તે કહે 'નદી', તો બધાં બાળકો લીટી ઓળંગી નદીમાં જશે; 'પર્વત' કહેવાથી પાછા પર્વતમાં આવી જશે. આપેલ સૂચના મુજબ કરવામાં ભૂલ કરશે તે બાળકો રમતમાંથી બહાર નીકળી જશે.
- આ જ રમત નદી અને પર્વતને લગતા શબ્દો બોલીને રમાડવી. જેમ કે; ઘેટાં-બકરાં, પગથિયાં, માછલી, દેડકો, રેતી, ઓટલો, ઊંડે-ઊંડે, ટોચ, વૃક્ષ, હોડી, પાણી, કાચબો, હરણ, સિંહ, શેવાળ, કબૂતર, ઊંચે-ઊંચે, પવન, ટ્રક.



## ૩૧. સાંભળીને લખો.

શિક્ષકે એકમને અનુરૂપ મૂળાક્ષર અને માત્રાને ધ્યાનમાં રાખીને છ શબ્દો તથા ત્રણ વાક્યોનું શ્રુતલેખન કરાવવું.

૧. ________ ૨. ________ ૩. ________

૪. ________ ૫. ________ ૬. ________

વાક્ય ૧ ________

વાક્ય ૨ ________

વાક્ય ૩ ________

શિક્ષકની સહી : ________ | A | B | C | તારીખ : ________

૩૨. વર્ગ પુસ્તકાલયમાંથી તમને ગમતી ચિત્રવાર્તા લો, વાંચો. તે વર્ગમાં/પ્રાર્થનાસભામાં/બાળસભામાં કહો.



રે

૩૩. અંક જોડી ચિત્ર પૂરાં કરો. તે ચિત્રની ચર્ચા કરો. ચિત્ર શાનું છે? યોગ્ય શબ્દ નીચે √ કરો.

પ્રૉજેક્ટપ્રવૃત્તિ બુકનો ઉપયોગ કરાવો.



બતક હરણ કાગડો



પરી

જાદુગર

જોકર



સાપ

માછલી

વાદળ

## ૩૪. ફરી યાદ કરીએ....!



(૧) તમને કઈ કઈ પ્રવૃત્તિ ફરી ફરીથી કરવી ગમે?

(૨) કોને કોને 'આવ રે વરસાદ...' ગાતાં આવડી ગયું?

(૩) વરસાદ આવે ત્યારે તમે ઘરે કયાં કયાં ગીત ગાયાં હતાં?

(૪) દિવસરાત કેમ થાય? 'સૂરજ અને ચંદા' વાર્તા તમે ઘરે કહી હતી?

(૫) તમને વધારે મજા શામાં આવે છે - સાંભળવામાં, લખવામાં કે સાંભળીને લખવામાં?

(૬) તમારે શું લખવાનું બાકી છે?

(૭) જેને બાકી છે, તે કેવી રીતે લખતાં શીખશે? કોણ કોણ શી મદદ કરશે?



### આટલું તો આવડે છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | |

**એકમ-૩ માટેની પૂર્વતૈયારી...**

- પક્ષી, પ્રાણી, જીવજંતુનાં કાર્ડ
- વાર્તાનાં પાત્રોનાં મહોરાં
- ચિત્ર વાર્તા બુક
- ક, બ, અ, છ, આ, એ અક્ષર કાર્ડ
- લાર્જ સ્ટોરી બુક, ચિત્રકૅલેન્ડર, અર્લીરીડર, પોસ્ટર, શબ્દમિલાપ પેટી, પ્રૉજેક્ટ પ્રવૃત્તિ બુક, સ્લેટ, પેન



શિક્ષકની સહી : ..........................
તારીખ : ..............................

વાલીની સહી : ..........................
તારીખ : ..............................

દ

# ૩. કાબર, ચકલાં, કબૂતર...

I1A2L3

૧. આવો, આપણા મિત્રોને ઘરે બોલાવીએ :



પારેવાં



ચકલાં

**આવો પારેવાં**

આવો પારેવાં, આવો ને ચકલાં,
ચોકમાં દાણા નાખ્યા છે.
આવો પોપટડા, મેનાને લાવજો,
ચોકમાં દાણા નાખ્યા છે.
આવો કાબરબાઈ, કલબલ ના કરશો,
ચોકમાં દાણા નાખ્યા છે.
બંટી ને બાજરો, ચોખા ને બાવટો,
ચોકમાં દાણા નાખ્યા છે.
ધોળી છે જાર ને ઘઉં છે રાતડા,
ચોકમાં દાણા નાખ્યા છે.
નિરાંતે ખાજો, નિરાંતે ખૂંદજો,
ચોકમાં દાણા નાખ્યા છે.
બિલ્લી નહીં આવે, કૂતરો નહીં આવે,
ચોકમાં દાણા નાખ્યા છે.
ચકચક કરજો ને કટકટ કરજો,
ચોકમાં દાણા નાખ્યા છે.

- ગિજુભાઈ બધેકા



બિલ્લી



પોપટડો

**આ ગીત સમયાંતરે પાંચથી છ વાર ગવડાવવું.**

૨. શું ઊડે અને શું ન ઊડે તે તમને ખબર જ છે, તો શિક્ષક રમાડે તે રમો.

ચકલી ઊડે ફરરર...
મોર ઊડે ફરરર...
બિલ્લી ઊડે ... ?

**ગીતમાં આવતાં પક્ષીઓ તથા અન્ય પ્રાણીઓનાં નામનો ઉપયોગ કરી આ રમત રમાડવી. એક-બે વાર આ રમત રમાડ્યા બાદ બાળકો જાતે જૂથમાં આ રમત રમે તે માટે પ્રોત્સાહન આપો.**

## ૩. કવિતા રમો.

ચાર-પાંચ વિદ્યાર્થીઓનાં જૂથ બનાવી દરેક જૂથને પારેવાં, ચકલાં, પોપટ, મેના, કાબર, બિલ્લી, કૂતરો બનવા કહો. તમે કવિતાની કડી ગાઓ ત્યારે જે તે જૂથ પંક્તિ મુજબ અભિનય કરે.

## ૪. આવો, ચિત્ર પરથી વાતચીત કરીએ.



### વાતચીત

- આ ચિત્રમાં તમને કયાં કયાં પક્ષી દેખાય છે?
- ખાવાની વસ્તુઓ કઈ કઈ છે?
- એ સિવાય ચિત્રમાં શું છે?
- આ પાર્ટી શાની છે? કઈ રીતે ખબર પડી?
- સુગરી ક્યાં છે? તે શું કરે છે?
- પોપટે પાર્ટીમાં કયા પક્ષીને શું જમવા આપ્યું હશે?

- મોર શું વિચારતો હશે?
- કેક કાપ્યા પછી પક્ષીઓ શું કરશે?
- કયાં પક્ષી પાર્ટીમાં આવ્યાં નથી?
- કાગડો પોપટને 'હેપ્પી બર્થ ડે' કઈ રીતે કહેશે? કહી બતાવો.
- પતંગિયાં/અળસિયાં/વાઘ/ગધેડાએ પાર્ટી કરી હોય તો તેમાં કોણ કોણ આવે? તમે કોની પાર્ટીમાં જાઓ!
- તમારા જન્મદિવસની પાર્ટીમાં તમે શું શું કરશો?
- તમારા જન્મદિને તમે કોને કોને બોલાવશો?
- આ ચિત્રમાં તમને સૌથી વધુ શું ગમ્યું?
- તમને કયું પક્ષી ગમે છે? શા માટે?

## ૫. વાર્તા સાંભળીએ.

## આને કહેવાય દોસ્તી!



એક હતું તળાવ. તળાવ કિનારે મઝાનું ઘટાદાર ઝાડ! ઝાડ પર રહે કબૂતર ને ઝાડના થડ પાસે કીડીઓનું દર. તેમાંની એક કીડી અને કબૂતર વચ્ચે ભાઈબંધી. હવે એકવાર એવું થયું કે ખૂબ વરસાદ પડ્યો. તળાવનાં પાણી તો પાળ તોડીનેય ઉપર આવ્યાં, તે છેક ઝાડના થડ સુધી આવવા લાગ્યાં. કીડી તે વખતે થડથી થોડેક જ દૂર ફરતી હતી. પાણીની છાલક તેને વાગી ને કીડીબાઈ તો પાણીમાં તણાયાં. તે જ વખતે કબૂતરની નજર તેના પર પડી.

**વિચારો**

(૧) કીડીને તણાતી જોઈ કબૂતરે શો વિચાર કર્યો હશે?

(૨) કબૂતર તણાયું હોત તો કીડી શું કરત?

(૩) કબૂતર કીડીને બચાવવા શું કરે છે?

(૪) આ વાર્તામાં 'કબૂતર'ને બદલે બીજો કયો શબ્દ મુકાય?

(૫) આ ફકરામાં જ્યાં જ્યાં 'કીડી' લખેલું હોય તેની નીચે લીટી દોરો?

 ક પર ○ કરો. સ ક વ મ ક વ ર ક ત દ વ ક લ છ ક 



તેણે જોયું કે જો જરાક વાર લાગશે તો કીડી તણાઈ જશે. કેવી રીતે કીડીને બચાવું? પછી તરત જ ઝાડનું એક પાંદડું તોડ્યું ને કીડી પાસે ફેંક્યું. જેવું પાંદડું પડ્યું કે કીડી તેના પર ચડી ગઈ. કીડી બચી ગઈ. થોડી વારે તળાવનું પાણી ઊતર્યું. કીડી પાછી પોતાના દરમાં આવી ગઈ.

આ વાતને થોડા દિવસ થયા. એક બપોરે કબૂતર ઝાડ ઉપર ઊંઘતું હતું. નીચે કીડીબાઈ ફરતાં હતાં. ત્યાં કીડીએ જોયું કે એક શિકારી કબૂતર સામે તીર તાકીને ઊભો છે. તેને થયું : 'અરે! આ તો કબૂતરને મારી નાખશે! મારે તેને બચાવવું જોઈએ. તેને જઈને ઉઠાડું? ના, ના, એમાં તો બહુ વાર થાય. તો શું કરું?' ત્યાં તો એકદમ એને યુક્તિ સૂઝી. તે તેની બે-ચાર બહેનપણીઓને લઈને ફટાફટ પેલા શિકારી પાસે પહોંચી.

**ચિત્ર જોઈને કહો.**

(૧) શિકારીએ તીર શા માટે છોડ્યું હશે?

(૨) કબૂતરને તીર કેમ વાગ્યું નહીં?

(૩) ઉપરના ફકરામાં કબૂતર, પાંદડું, થડ, શિકારી શબ્દ નીચે લીટી કરો. તે માટે શિક્ષક ફકરો ફરીથી વાંચશે.



 **બ પર ◯ કરો. ટ શ બ લ બ સ ન જ બ ખ ગ બ ન ચ** 

શિકારી તીર છોડવાની તૈયારીમાં જ હતો. કીડીઓ તેના પગ પર ચડીને લાગી ને ચટકા ભરવા લાગી. શિકારીનું ધ્યાન તૂટી ગયું. તેના હાથમાંથી તીર તો છૂટ્યું પણ નિશાન ચુકાઈ ગયું. તીર કબૂતરની બાજુમાંથી પસાર થયું. શિકારી કીડીઓના ચટકાથી ત્રાસી ગયો ને ઓ...ય...ઓ...ય કરતો ભાગી ગયો. કબૂતર પાસેથી સ...ન...ન...ન કરતું તીર પસાર થયું કે એ અવાજથી કબૂતર જાગી ગયું. તેણે જોયું તો શિકારી ભાગી રહ્યો હતો. તેણે કીડીઓને જોઈ. કબૂતર ચીંટીઓ કે પાસ ગયા ઔર થૅન્ક્યૂ બોલા. એટલે કીડી કહે: 'એમાં શું? તમેય મને બચાવી જ હતીને!' કબૂતરે કીડીઓને પોતાની પીઠ પર બેસાડી જંગલનું મોટું ચક્કર મરાવ્યું.

**વાતચીત**

- ચટકો ભરી શકે તેવાં બીજા કયા જીવજંતુઓ હોય?
- તમને કોની ચિંતા થતી હતી?
- કીડી અને કબૂતરમાંથી કોણ કોના ઘરમાં જઈ શકે?
- શિકારી કોને કહેવાય? તે શું કરે?
- તમને ક્યારેય કીડી કરડી છે? પછી તમે શું કર્યું હતું?
- કીડી કરડી કે મચ્છર કરડ્યું તે કઈ રીતે ખબર પડે?
- તમને મુશ્કેલી વખતે તમારા કોઈ મિત્રે મદદ કરી હતી? શી? તમે કોઈ મિત્રને મદદ કરી છે? શી?
- તમે કબૂતરના મિત્ર હોત તો તમે તેને કઈ રીતે બચાવત?

**૬. વાક્ય સાંભળો. વાક્ય સાચું હોય તો કબૂતરની જેમ "ઘૂ...ઘૂ...ઘૂ..." કરો અને વાક્ય ખોટું હોય તો "સનનન..." બોલો.**

૧. કબૂતરે શિકારીને ડંખ માર્યો.
૨. કીડી પાણીમાં તણાઈ.
૩. પારેવાના કારણે જ કીડી બચી ગઈ.
૪. કીડીને કારણે પારેવું બચી ગયું.
૫. શિકારી કીડીનો શિકાર કરવા આવ્યો હતો.
૬. શિકારીની ઇચ્છા પૂરી થઈ.
૭. શિકારીને જોઈ કીડી ઝાડ પર ચડી ગઈ.
૮. શિકારીએ બાણમાંથી ધનુષ છોડ્યું.

**૭. વાર્તામાં આવેલા શબ્દની બાજુમાં 'છે' અને ન આવેલા શબ્દની બાજુમાં 'નથી' લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| તળાવ | છે | સરોવર | નથી | સાપ | ........ |
| ઝાડ | ........ | રાજા | ........ | કીડી | ........ |

 **અ** પર ◯ કરો. **મ લ અ પ ક અ દ ટ અ સ પ અ ન ગ અ** 




શિક્ષક કાળા પાટિયા ઉપર અક્ષરોને યોગ્ય વળાંકમાં લખી બતાવશે. ઉપલબ્ધ કાર્ડ બતાવવાં. અહીં મૂળાક્ષરોનું લેખન સ્લેટમાં પણ કરાવવું.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | ક | ક | ક | ક | ક | ક | ક | ક | ક | ક |
| | ક | | | | | | | | | |
| બ | બ | બ | બ | બ | બ | બ | બ | બ | બ | બ |
| | બ | | | | | | | | | |
| અ | અ | અ | અ | અ | અ | અ | અ | અ | અ | અ |
| | અ | | | | | | | | | |
| છ | છ | છ | છ | છ | છ | છ | છ | છ | છ | છ |
| | છ | | | | | | | | | |
| એ | એ | એ | એ | એ | એ | એ | એ | એ | એ | એ |
| | એ | | | | | | | | | |
| આ | આ | આ | આ | આ | આ | આ | આ | આ | આ | આ |
| | આ | | | | | | | | | |

 છ પર ◯ કરો. લ બ છ મ પ છ ન ગ છ સ ર છ મ છ 

૯. અક્ષરથપ્પો રમો.

એકમ-૨માં પાના નંબર ૧૯ પર પ્રવૃત્તિ ૯માં આપેલ સૂચના પ્રમાણે આ રમત રમાડો. આ વખતે ક, બ, અ, છ અક્ષરોનાં પત્તાંનો ઉપયોગ કરો.

૧૦. કબૂતર અને મોરની જેમ ચાલી બતાવો. હવે કહો તો, બોલેલું લખતાં આવડે છેને! શિક્ષક વાક્ય વંચાવશે તે મોટેથી બોલો. તે વાક્યોના શબ્દ અહીં છૂટા પાડી આપ્યા છે. તમે જે બોલ્યા તે લખો.

બોર્ડ પર 'કાબરબેન વારે વારે અવાજ કરે.' એમ સળંગ વાક્ય લખી મોટેથી વાંચો. ત્યાર બાદ લખવા કહો. એ રીતે બીજાં બે વાક્યો લખવા કહો.

| | | | | |
|---|---|---|---|---|
| કાબર | | | | |
| બેન | | | | |
| વારે | | | | |
| વારે | | | | |
| અવાજ | | | | |
| કરે. | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| કેદાર | | | | |
| છાબનું | | | | |
| કામ | | | | |
| કરે. | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| એક | | | | |
| વાર | | | | |
| જમનાએ | | | | |
| વેરાન | | | | |
| મેદાને | | | | |
| રમા | | | | |
| અને | | | | |
| છેદને | | | | |
| રમત | | | | |
| રમાડી. | | | | |

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

મારું નામ : ____________ છે. (તમારું નામ લખો.)

- વાર્તા સાંભળોઃ 'આને કહેવાય દોસ્તી!'

બિગ બુક વંચાવતી વખતે જેમ પુસ્તકનું લખાણ વિદ્યાર્થીઓને દેખાય તેમ રાખીએ છીએ તે રીતે પાઠ્યપુસ્તક પકડીને વાર્તા વાંચી સંભળાવો. તે પછી ઝીલવાંચન કરાવો.



**૧૧. શિક્ષક શબ્દ બોલશે તેને કોઠામાંથી શોધી તેના પર ગોળ કરો અને ફરીથી લખો.**

૧. સાકર ૨. ગરમ ૩. એક ૪. દવા

૫. માન ૬. નમન ૭. જાગ ૮. જાર

| | | | | | |
|---|---|---|---|---|---|
| ના | ક | સા | ક | ર | ગ |
| ગ | ર | મ | ન | ન | જે |
| ક | સ | દ | વા | મા | બે |
| બે | દ | ર | ન | મ | ન |
| દ | ન | જા | ર | સ | એ |
| વ | બ | ગ | જ | જા | ક |

- આંગળી મૂકી ડાબું નાક બંધ કરો. ફક્ત જમણા નાક વડે ત્રણ ઊંડા શ્વાસ લો અને છોડો. તમારા શિક્ષક કહે તે શબ્દ વાંચી બતાવો. જેમ કે, ૭ નંબરનો શબ્દ તો વાંચનાર કહેશે 'જાગ'. શિક્ષક શબ્દ બોલે પછી તે શબ્દ એકવાર પોતાની હથેળીમાં ને પછી મિત્રની હથેળીમાં આંગળી વડે લખો.

૧૨. નમૂના મુજબ ે વાળા અક્ષરને ફરતે ☐ દોરો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| બેસ | દૈયા | મને | ગાય | વાસ્ | દાદો | કેમ |
| વેર | બેન | રાજા | રેણ્ | દેવા | જમો | જમે |

૧૩. વર્તુળમાં રહેલો અક્ષર શોધી તેના ફરતે ◯ કરો. તે અક્ષર આવતો હોય તેવો શબ્દ બૉક્સમાંથી શોધી બે વાર લખો.

આગ, કમર, બસ, છગન, અવાજ, એક

| | | | | |
|---|---|---|---|---|
| ક | → | કલમ, કનક, ચમક | ______ | ______ |
| બ | → | બજાર, અજબ, અકબર | ______ | ______ |
| અ | → | અચલા, અછત, અનાજ | ______ | ______ |
| છ | → | અછબડા, છત, અછત | ______ | ______ |
| આ | → | આકાર, આપણે, આવજે | ______ | ______ |
| એ | → | એરણ, એકતા, એકનાથ | ______ | ______ |

શિક્ષકની સહી : ______ | A | B | C | તારીખ : ______

૧૪. સરખા શબ્દ ઓળખીને ઉદાહરણ પ્રમાણે જોડી તેનો અંક લખો. તમારા શિક્ષક વંચાવે તેમ શબ્દો વાંચો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ એરણ | ૨ આગબોટ | ૩ છત્રી | ૪ કમળ | ૫ બરણી | ૬ અનનાસ |
| છત્રી | એરણ | ૪ કમળ | આગબોટ | અનનાસ | બરણી |

## ૧૫. સાંભળીએ, લખીએ, વાંચીએ.



આપેલા અક્ષર પહેલાં છૂટા અને તરત જ ભેગા વાંચી સંભળાવો. જેમ કે, મ...જા... મજા. ત્યાર બાદ બૉક્સમાં આપેલ શબ્દ બોલો. આ રીતે વંચાવ્યા પછી દરેક શબ્દ ઘૂંટીને લખવા કહો. તે શબ્દો મોટેથી વંચાવો.

કા + મ → કામ

આ + ગ → આગ

બે + ન → બેન

વા + ર → વાર

કા + બ + ર → કાબર

કે + દા + ર → કેદાર

આ + કા + ર → આકાર

- વાર્તા સાંભળીએ: 'આને કહેવાય દોસ્તી!'

## ૧૬. કોણ ગુમ થયું? પ્રવૃત્તિ કરો.

બાળકોનાં પાંચ પાંચનાં જૂથ બનાવો. બોર્ડ પર પ્રવૃત્તિજૂથ અનુસાર ત્રણ શબ્દો લખો. દરેક જૂથને એ શબ્દો વાંચીને યાદ રાખવાનો સમય આપો. ત્યાર બાદ બધાંને આંખ બંધ કરીને આગળની તરફ નમવા કહો. હવે બોર્ડ પર લખેલા શબ્દોમાંથી એક શબ્દ ભૂંસી નાખો. સૂચના આપો કે તમે તાળી પાડો ત્યારે વિદ્યાર્થીએ આંખ ખોલીને ઝડપથી કહેવું કે કયો શબ્દ ગુમ થયો. આંખ ખોલાવ્યા પછી જે જૂથ કહી દે કે કયો શબ્દ ગુમ થયો તે જૂથને એક પોઈન્ટ મળશે. પછી ચાર કે પાંચ શબ્દો લઈ આ પ્રવૃત્તિ કરાવી જુઓ. એકસાથે બે-ત્રણ શબ્દ પણ ગુમ કરી શકાય.

સૌને દેખાય તેમ મોટેથી વાંચી સંભળાવો. લાર્જ સ્ટોરી બુકનો ઉપયોગ કરી શકો. લાર્જ સ્ટોરી બુક બાળકો જોઈ શકે તેમ રાખવી. બોલાતા શબ્દોનો વિદ્યાર્થીઓને ખ્યાલ આવે તે રીતે આંગળી મૂકીને વાર્તા વાંચવી.

૧૭. નીચેનાં ચિત્ર જોઈ શબ્દ લખો.









# ૧







# ૧૨

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

 ઘૂંટો (ચુંમાળીસ)

## ૧૮. વાંચો, જોડો, ખૂટતું હોય તે લખો.



આ કેરી છે.



આ અજગર છે.



આ ______ ______



______ અનનાસ ______



બે બસ છે.



______ કાર છે.

વિદ્યાર્થીઓને વારાફરતી એકમ-૩ની અર્લીરીડર વાંચવા કહો. તેમાં આવતા શબ્દો અને વાક્યો વંચાવો, તેમની સ્લેટમાં લખવા કહો.

## ૧૯. મોટેથી વાંચો. નમૂના મુજબ વાક્યોનું અનુલેખન કરો. તે વાક્યો સ્લેટમાં લખો.

૧. બાપાને તાવ આવે છે. — બાપાને તાવ આવે છે.

૨. બા દવા કરે છે.

૩. તારાબહેન કસરત કરે છે.

૪. મારું નામ ____________ છે.

૫. મને જવાબ આવડે છે.

૬. તને જવાબ આવડે છે?

૭. ગજરાજ બજારમાં આવે છે.

૮. બહેન સવારે રમત રમે છે.

વિદ્યાર્થીઓ અનુલેખન કરતા હોય ત્યારે દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત બોલાવીને આ વાક્યો વંચાવી લો.

## ૨૦. ત્રણના જૂથમાં બેસો. આ શબ્દો/વાક્યો એકબીજાને વાંચી સંભળાવો.

| | |
|---|---|
| એક | કાન |
| નાક | બહેન |
| છગન | અજબ |
| કાબર | સાબર |
| અવાજ | મજા |
| ગાજર | અજગર |

**અમન**

અમન સવારે જાગે છે.
અમન જમવાનું જમે છે.
અમન મેદાનમાં રમે છે.
અમન દાદાની સેવા કરે છે.

## ૨૧. તમને આવું લખતાં તો આવડે જ છે, તો લખો! વાંચજો પણ ખરા.

આ વાક્યો બોર્ડ પર લખો. મોટેથી વાંચો-વંચાવો. આંખ બંધ કરાવી કોઈ શબ્દ ભૂંસી નાખો. તે કયો શબ્દ ગુમ થયો તે પૂછો. ત્યાર બાદ આ વાક્યો લખી તમને બતાવે ત્યારે વ્યક્તિગત વંચાવો. એકમ-૧ની પ્રવૃત્તિ 'કોણ ગુમ થયું?' મુજબ આ પ્રવૃત્તિ કરાવો.

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

## ૨૨. વાંચો અને લખો.

### ગામ

એક ગામ છે.

ગામમાં બસ આવે છે.

છગન બસમાં બેસે છે.

અમર બસમાં બેસે છે.

બસ સર સર જાય છે.

### સરકસ

આ સરકસ છે.

આ અજબ ગજબ સરકસ છે.

દાદા સરકસમાં કામ કરે છે.

કાકા સરકસમાં જોકર છે.

અમને સરકસમાં મજા પડે છે.

શિક્ષકની સહી : ______________ | A | B | C | તારીખ : ______________

## ૨૩. મેળામાં જવું છે? ચાલો, આ નાનકા સાથે મેળે જઈએ.



મેળો

બિલાડીનું નાનું બચ્ચું, **મેળો** જોવા જાય.
બસ **રિક્ષા**માં ચક્કર આવે,
ચાલતાં ચાલતાં જાય.
**બિલાડી**નું નાનું...
મોઢા પર એ હિંમત રાખે
પણ મનમાં એ મૂંઝાય.
રસ્તાનીએ ડાબે ચાલે,
હળવે હળવે જાય
બિલાડીનું નાનું...
**કૂતરાભાઈ** તો (હાઉં હાઉં) ટ્રાફિક **પોલીસ**,
તરત સમજી જાય.
**સીટી** મારે હાથ બતાવે, ટ્રાફિક થોભી જાય.
બિલાડીનું નાનું...
મેળામાં તો સ્ટોલ ઘણા છે,
ખાવા મન લલચાય.
મમ્મીનું એ યાદ આવ્યું કે
બહારનું ના ખવાય.
બિલાડીનું નાનું...



રિક્ષા



બિલાડી



કૂતરો



ટ્રાફિક પોલીસ



સીટી

### વાતચીત

- બસમાં બેઠા પછી બચ્ચાંને શું થાય છે?
- તમને ક્યારે ક્યારે બીક લાગે?
- તમે શાળાએ આવતાં પહેલાં શી શી તૈયારી કરો છો?
- બચ્ચું રસ્તાની ડાબી બાજુએ કેમ ચાલે છે?
- તમે મેળામાં જાવ ત્યારે તમને શું શું ખાવાનું મન થાય છે? ત્રણ વસ્તુનાં નામ આપો.
- તમારી નજીકમાં મેળો ક્યાં ભરાય છે?
- તમે મેળામાં કેવી રીતે જાઓ છો?
- તમને ચક્કર આવે છે? તેનો અભિનય કરી બતાવો.
- મમ્મીએ શું ખાવાની ના પાડી હશે? કેમ?

**શિક્ષક કહે તેમ ડાબે-જમણે હાથ ઊંચો કરો. શિક્ષક કહે 'ડાબે' ત્યારે ડાબો હાથ, 'જમણે' કહે ત્યારે જમણો હાથ ઊંચો કરો.**



બ

૨૪. શિક્ષકની મદદથી ચિત્રો ઓળખી કાઢો. લખી કાઢો.

| | | |
|---|---|---|
|  | ત ની લ વા ર | તલવાર |
|  | મ બ દા કા બ | |
|  | મી ન કા ર ના | |
|  | બે ડા ના ગ સા મે | |
|  | તૈ મ કા ની રી ન | |
|  | વા ખે છ દે ન ર | |

## ૨૫. ‘વાંચીમાર’ રમત રમો. શબ્દો વાંચી તેને દડો મારી પાડી દો.

- આખો વર્ગ જોઈ શકે તે રીતે ચાર શબ્દપત્તાં એક હરોળમાં ઊભાં ગોઠવો. જેમ કે, કાબર, કબર, કબાર, કાબાર
- એક વિદ્યાર્થીને આગળ બોલાવી દડો આપો. વિદ્યાર્થીને બધા શબ્દ ધ્યાનથી જોઈ લેવા કહો.
- વિદ્યાર્થી જોઈ લે પછી તમે કહેશો કાબર. વિદ્યાર્થીએ ‘કાબર’ લખેલા શબ્દપત્તાં પર દડો મારવાનો થશે.
- વર્ગના બાકીના વિદ્યાર્થી દડો મારનાર વિદ્યાર્થીને શબ્દ ઓળખવામાં મદદ કરી શકે.
- આવી રીતે શબ્દો બદલીને રમત રમાડો.

## ૨૬. ચિત્રો જુઓ, તેની નીચે લખેલ શબ્દ ધારો. તમારા શિક્ષક પૂછે તે શબ્દચિત્ર ઓળખી બતાવો.

- એક પછી એક ચિત્રો બતાવતા જઈ તેની નીચે કયા શબ્દ લખેલા હશે તે ધારવા કહો.
- દરેક ચિત્ર અને તેને અનુરૂપ શબ્દ ધાર્યા પછી તે શબ્દ વંચાવો.
- તે પછી વિદ્યાર્થીઓને તેમનું પુસ્તક બંધ કરવા કહો.
- એક હરોળનાં બધાં ચિત્ર ઢાંકી દઈ તમે કહોઃ આ હરોળમાં ‘કીડી’ ઓળખી બતાવો.
- આ રીતે દરેક હરોળના શબ્દો માટે વારાફરતી પૂછો.


કીડી


તીતીઘોડો


માખી


મધમાખી


કંસારી


વંદો


ગોકળગાય


કાનખજૂરો



ગાય



ઈયળ



વીંછી



ગરોળી



મંકોડો



પતંગિયું



કરોળિયો



મચ્છર

૨૭. તમારા શિક્ષક બોલે તે શબ્દો અને વાક્યો લખો.

નીચેનામાંથી છ શબ્દો અને ચાર વાક્યોનું શ્રુતલેખન કરાવો. એક, કાન, નાક, બેન, છગન, અજબ, કાબર, સાબર, અવાજ, ગાજર, અજગર. જમના સવારે જાગે છે. જમના જમવાનું જમે છે. જમના મેદાનમાં રમે છે. જમના દાદાની સેવા કરે છે.

વાક્ય ૧

વાક્ય ૨

વાક્ય ૩

વાક્ય ૪

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

૨૮. તમને મનગમતા પક્ષીનું ચિત્ર દોરી રંગપૂરણી કરો. તેની પાંખ ? ! ? ! એમ ડિઝાઈનથી ભરી દો.

## ૨૯. ફરી યાદ કરીએ...!



(૧) કયો અક્ષર લખવો સહેલો છે - ન / મ / ગ / જ / વ / ર / સ / દ / ક / બ / અ / છ? કેમ?
(૨) 'વાંચીમાર' રમતી વખતે શાની મજા પડી?
(૩) કઈ પ્રવૃત્તિ વારે વારે કરવી ગમે? કઈ પ્રવૃત્તિમાં તમને કંટાળો આવ્યો?
(૪) કવિતાની કઈ લીટી યાદ રહી ગઈ?
(૫) 'કોણ ગુમ થયું?' પ્રવૃત્તિમાં કોને તરત ખબર પડી જતી હતી?
(૬) યાદ રહ્યાં હોય તે જીવજંતુનાં નામ બોલો.




| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | |

### એકમ-૪ માટેની પૂર્વતૈયારી...

- વારનાં નામ કાર્ડ
- ખાદ્યપદાર્થ, શાકભાજી, ફળ અને અનાજનાં ચિત્રો
- ચિત્રકેલેન્ડર
- સિંહ અને સસલાનાં મહોરાં
- પ, ડ, ત, ણ, ઇ, ઈ નાં અક્ષર કાર્ડ
- અગાઉ શીખેલા તમામ અક્ષરનાં કાર્ડ
- પ્રવૃત્તિ માટે સંગીતનાં સાધનો
- પ્રવૃત્તિ માટે સ્કેચ પેન, રેતી, ગુંદર, કાગળ
- લાર્જ સ્ટોરી બુક, ચિત્રકેલેન્ડર, અર્લીરીડર, પોસ્ટર, શબ્દમિલાપ પેટી, પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક, સ્લેટપેન, નોટબુક



શિક્ષકની સહી : .......................... વાલીની સહી : ..........................
તારીખ : .............................. તારીખ : ..............................

# ૪. ઘર અને ગુફા

F1C7A6

૧. તમે મધ્યાહ્ન ભોજનમાં નાસ્તામાં અને જમવામાં શું શું લો છો? કહો. હવે ગીત ગાઈએ.



ઘર



સૂરજ

આ અમારું ઘર છે ને એમાં એક રસોડું છે.
સૌથી વહેલું જાગે છે ને સૌને એ જગાડે છે.
આ અમારું ઘર છે ને એમાં બે બારી છે.
એકમાંથી સૂરજ આવે બીજીમાંથી ભાગે છે.
આ અમારું ઘર છે ને એમાં મોટું આંગણું છે.
દિવસ આખો કલબલ કરતું રાતે ક્યારેક ભસે છે.
આ અમારું ઘર છે ને એમાં એક હીંચકો છે.
ઉપર-નીચે થયા કરતો ગીતો ગાયા કરે છે.
ઘરમાં એક બહેન છે ને એની સાથે કિટ્ટા છે.
રાતે બુચ્ચા થઈ જશે ને આ ઘર અમારું છે.



બારી



હીંચકો

૨. છત ઊડી જાય તો ઘર આવું દેખાય. તેનું ચિત્ર જુઓ અને જવાબ આપો.



**વાતચીત**

- ચિત્રમાં શું શું દેખાય છે?
- આ ઘરમાં કેટલી બારી છે?
- આ ઘરમાં રસોઈ ક્યાં બનતી હશે?
- મહેમાન આવે તો ક્યાં બેસાડશો? ચિત્રમાં બતાવો.
- આ ઘરમાં ટીવી મૂકવું હોય તો ક્યાં મૂકશો?
- તમારે ભોજન કરવા બેસવું છે, કયા ઓરડામાં બેસશો?

૩. તમે તમારા મિત્રને બરાબર ઓળખો છોને? તેનો અવાજ ઓળખી શકો? ચાલો, અવાજ ઓળખવાની રમત રમીએ.

- વર્ગના અડધા વિદ્યાર્થીને વર્ગની બહાર મોકલો. તેમાંથી કોઈ એક વિદ્યાર્થી પોતાની પસંદના ગીતની બે કડી ગાય. વર્ગની અંદર રહેલા વિદ્યાર્થી ઓળખી બતાવે કે ગાનાર વિદ્યાર્થી કોણ છે?
- આ રીતે બહારના દસ વિદ્યાર્થી વારાફરતી ગીત ગાય અને અંદરનાં વિદ્યાર્થી દર વખતે અવાજ ઓળખવા પ્રયત્ન કરશે. અવાજ ઓળખનારને પાંચ તક મળશે. વધુમાં વધુ પાંચ નામ બોલીને અંદરના જૂથે અવાજ ઓળખી કાઢવો પડશે.
- તેમણે કેટલાં નામ ઓળખ્યાં તે શિક્ષક નોંધી રાખશે.
- હવે, અંદરનું જૂથ બહાર જશે અને રમત આગળ ચાલશે.
- આ રમત રમાડી. બંને ટીમે મેળવેલ પૉઇન્ટના આધારે વિજેતા ટીમ જાહેર કરાશે. જરૂર પડે તો આ રમત ત્રીજી વાર રમાડવી.

૪. કેસરી ડીપુને ફસાવવા જાય છે. તે સફળ થશે? વાર્તા સાંભળો.

## ગુફા ઓ ગુફા !



એક હતો સિંહ. કેસરી એનું નામ. એક દિવસ તેને ભૂખ લાગી પણ કંઈ ખાવા મળ્યું નહીં. તે ખાવાનું શોધતો હતો. ત્યાં જ તેણે એક ગુફા જોઈ. તેને મનમાં થયું, "આ કોઈક પ્રાણીનું ઘર લાગે છે." તે ખુશ થયો અને ધીમે ધીમે ગુફાની અંદર ગયો. પણ તેને કંઈ જ મળ્યું નહીં. છેવટે તેણે વિચાર્યું, "હં... કંઈ વાંધો નહીં. રાત પડશે એટલે આ ગુફામાં રહેતું પ્રાણી તો અહીં આવશે જ. એ જેવું



આવશે કે તરત જ હું તેને ખાઈ જઈશ.''

સાંજ પડી. ડીપુ શિયાળ ત્યાં આવ્યું. તેણે ગુફા તરફ જતાં પગલાં જોયાં ને એકદમ ઊભું રહી ગયું. ''હં... કોઈ પ્રાણી મારા ઘરમાં ગયું લાગે છે અને બહાર નીકળવાના પગલાં તો દેખાતાં નથી. અચ્છા, તો કોઈ છે; પણ મને ખબર છે કે હવે શું કરવું!''



તે ગુફા તરફ જોઈ મીઠા અવાજે બોલ્યું, ''ગુફા ઓ ગુફા! ઓ મારી વહાલી ગુફા! હું આવી ગયો છું.''

થોડી વાર પછી તે બોલ્યું, ''ઓ વહાલી ગુફા, તું આજે રિસાઈ ગઈ છે કે શું? રોજ તો તું મને કહે છે : 'ગુડ ઈવનિંગ ડીપુ, વેલકમ ટુ હમારા હોમ'. પણ આજે બોલતી કેમ નથી?''

અંદર કેસરીને થયું, ''આજે આ ગુફા મારા ડરથી બોલતી નથી, પણ હું ગુફા બની 'વેલકમ' કહું અને પછી શિયાળને ખાઉં.''

આમ વિચારી કેસરી મીઠા અવાજે બોલ્યો, ''ગુડ ઈવનિંગ ડિઅર ડીપુ, વેલકમ ટુ હમારા હોમ!''

આ સાંભળી ડીપુએ બે કાન ઊંચા કરી વિચાર કર્યો. પછી ડીપુ દબાતા પગલે ત્યાંથી ચાલ્યું ગયું.

## વાતચીત

- વાર્તા સાંભળતી વખતે તમને બીક લાગી? ક્યારે?
- તમે ક્યારે ખુશ થયા?
- શિયાળનું નામ શું હતું? તમારે એનું નામ પાડવાનું હોય તો કયું નામ પાડો?
- ગુફાની બહાર કોનાં પગલાં હતાં?
- પગલાં જોઈ શિયાળના મનમાં કયો વિચાર આવ્યો?
- જંગલમાં કયાં કયાં પ્રાણીઓ રહે?
- સિંહથી જંગલમાં બધાં પ્રાણીઓ કેમ ડરતાં હશે?
- ગુફામાં કોઈ છે એ જાણવા શિયાળે શું કર્યું?
- શિયાળની જગ્યાએ તમે હોવ તો શું કરશો?

**વાર્તામાં અલગ રંગથી આપેલા અક્ષર તરફ બાળકોનું ધ્યાન દોરો અને તેનાથી બનતા શબ્દો બોર્ડ પર લખી તે વાંચો અને વંચાવો.**

**૫. આ વાત વાર્તામાં હતી કે નહીં? વાર્તાની વાત હોય તો નમસ્તે કરો. જુદી વાત હોય તો સલામ કરો.**

(૧) ગુફા શિયાળની હતી.

(૨) શિયાળ બોલતી ગુફામાં રહેતો હતો.

(૩) સિંહ ભૂખ્યો થયો હતો.

(૪) શિયાળ સિંહનાં પગલાં ઓળખતો નહોતો.

(૫) શિયાળ મોટે મોટેથી ચીસો પાડીને નાસી ગયું.



**૬. અભિનય કરો.**

**શિક્ષકે વાર્તાના વિવિધ સંવાદ બાળક પાસે અભિનય સાથે બોલાવવા.**

- સિંહની ગર્જના કરવી
- સિંહનું અવાજ બદલી બોલવું
- દબાતા પગલે ચાલવું
- શિયાળનું ગુફાને બોલાવવું
- શિયાળની જેમ ચાલવું

૭. વર્તુળમાં રહેલો અક્ષર શોધી તેના ફરતે ◯ કરો. તે અક્ષરવાળો કોઈ એક શબ્દ બે વાર લખો.

| | | | |
|---|---|---|---|
| (પ) | (પ)રિતા, તપન, ચપળ, પતંગ | ______ | ______ |
| (ડ) | વડલો, કડવું, લાડવો, વડ | ______ | ______ |
| (ત) | ખાતર, શરબત, ભારત, કાતર | ______ | ______ |
| (ઇ) | ઇમારત, ઇરાક, ઇનામ, ઇયળ | ______ | ______ |
| (ઈ) | ઈડલી, ઈરાન, ઈદ, ઈસ | ______ | ______ |
| (ણ) | પણછ, બાણ, ખમણ, રણ | ______ | ______ |

૮. 'અક્ષરથપ્પો' રમો.

એકમ-૨ની જેમ પ્રવૃત્તિ કરાવો. આ વખતે પ, ડ, ત, ણ અક્ષર લેવા.

૯. તીરની નિશાનીની દિશામાં આંગળી ફેરવો.






શિક્ષકની સહી : ______________ | A | B | C | તારીખ : ______________

૧. આંગળી મૂકીને એક એક અક્ષર મોટેથી બોલાવો.

૨. ત્યાર બાદ તમે જે અક્ષર બોલો, વિદ્યાર્થીઓને તેના પર આંગળી મૂકવા કહો.

૩. તમે કોઈ એક અક્ષર પર આંગળી મૂકી તેનો સાચો/ખોટો ઉચ્ચાર કરો. જો એ સાચું હોય તો વિદ્યાર્થીઓ 'નમસ્તે' કરશે અને ખોટું હોય તો 'સલામ' કરે.

૪. હ્રસ્વ 'ઇ'નો ઉચ્ચાર નાનો અને દીર્ઘ 'ઈ'નો ઉચ્ચાર લાંબો કરવાનું ધ્યાન રાખો.

૫. હવે, જે તે અક્ષરનો નંબર બોલોઃ વિદ્યાર્થીઓ તે અક્ષર બોલે.

૬. તેના અક્ષરોના નંબર આ રીતે બોલોઃ એક-ચાર, તો વિદ્યાર્થીઓ 'પણ' બોલે.

૧૦. જુઓ અને લખો. ત્રણ વાર બોલો : પ ડ ત ણ... પી ડી તી ણી. હવે તીરની નિશાની મુજબ પેન્સિલને ચલાવો આખો આકાર દોરાઈ ન જાય ત્યાં સુધી પેન્સિલ ઉપાડ્યા વગર આગળ વધો. કોઈ એક આકારમાં પેન્સિલ ઉપાડવી પડશે. તે ક્યો અક્ષર છે, કહો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | પ | પ | પ | પ | પ | પ | પ | પ | પ | પ |
| ડ | ડ | ડ | ડ | ડ | ડ | ડ | ડ | ડ | ડ | ડ |
| ત | ત | ત | ત | ત | ત | ત | ત | ત | ત | ત |
| ણ | ણ | ણ | ણ | ણ | ણ | ણ | ણ | ણ | ણ | ણ |
| ઇ | ઇ | ઇ | ઇ | ઇ | ઇ | ઇ | ઇ | ઇ | ઇ | |
| ઈ | ઈ | ઈ | ઈ | ઈ | ઈ | ઈ | ઈ | ઈ | ઈ | ઈ |

શિક્ષકની સહી : ______________ | A | B | C | તારીખ : ______________

૧૧. જોડીમાં કામ કરો. મિત્રના જમણા ગાલ પર આંગળી વડે કોઈ એક અક્ષર લખો. તમારો મિત્ર તમારા ગાલ પર લખે ત્યારે તેણે અક્ષર બરાબર લખ્યો કે નહિ, તેનું ધ્યાન રાખો. બરાબર ન લખાયો હોય તો ફરીથી લખવા કહો.

૧૨. કાગળ પર નીચેનામાંથી કોઈ બે અક્ષર રેતી કે ઝીણી માટી વડે ચોંટાડી લાવો.

પ ડ ત ણ ઈ ઈ

(તમારું નામ લખો.) મારું નામ : ______________ છે.




બોર્ડ પર લખો. બાળકોને મોટેથી વાંચી સંભળાવો અને ઝીલવાંચન કરાવો. આ વખતે પાઠ્યપુસ્તક બંધ રખાવવું પછી પુસ્તક ખોલવાનું કહી વારાફરતી તેમને મોટેથી વાંચવા કહો.

- દીપક નિસરણી દોરે છે.
- સિપાઈ તીર તાકે છે.
- વીરા દીપક, સિતાર વગાડ.
- તારા પછી જિગરનો વારો.
- બકરીની વાત રવિવારે કરીએ.
- જવારા પર કીડી પડી.
- પાણી પીપમાં પડે છે.
- સીતા દાણા વેરે છે.

**૧૪. આપેલાં ચિત્રોનું શબ્દચિત્ર છૂટું પડી ગયું છે તેના ટુકડા થયેલા આકાર ઓળખી કાઢો અને આખો ચિત્રશબ્દ બનાવીને લખો.**



| | | |
|---|---|---|
| | | |

પા ક પ ણ ડ રી લી



| | | | |
|---|---|---|---|
| | | | |

ને કે નિ પી સ સે ર રા ણી ણ



| | |
|---|---|
| | |

પ ડ ત ણ ગ સ

૧૫. ચિત્ર જોઈ, ચોકઠામાં અક્ષર જોઈ શબ્દ પૂરો કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
|  દા | ડ | મ |  | ન | |
|  | ત | ર | | |  |
|  | ક | રી | | | રી |
| | | |  | વ | ડી |
|  | |  | ત | ક |  |
| ક |  | ક | ડી | | ડી |

શિક્ષકની સહી : ______________ | A | B | C | તારીખ : ______________

## ૧૬. ઓળખી કાઢો.

વર્ગનાં પાંચ જૂથ પાડો. દરેક જૂથને વર્ગની વસ્તુઓ જેમ કે, પ્રાણીઓનાં નાનાં રમકડાં, પેન્સિલ, બટન, ડસ્ટર, પાંદડું, લખોટી એમ પાંચથી સાત વસ્તુઓ આપો. આ વસ્તુઓ ખોખામાં કે થેલીમાં રાખવા કહો. હવે, જૂથના સભ્યો વારાફરતી થેલીમાં/ખોખામાં હાથ નાખી વસ્તુ ઓળખે. પોતે ઓળખેલી વસ્તુ જૂથનેતાને કાનમાં કહી દે. આ રીતે જૂથના બધા સભ્યો રમત રમે. જૂથની વસ્તુઓ બદલીને આ રમત ફરી કરી શકાય.



## ૧૭. વાંચો, જોડો.



બા પાપડ આપે.



__________ પાણી પર તરે.



સગડી ગરમ છે.



છતના પતરે __________ રમે.



કાકડી પાણીદાર છે.



રાણીની સાડી સરસ છે.



તારી પાસે રાતી પેન છે?



ડાળ પર કાગડો પણ છે.

 ઘૂંટો. 

૧૮. સાંભળીએ, લખીએ, વાંચીએ.

આપેલા અક્ષર પહેલાં છૂટા અને તરત જ ભેગા વાંચી સંભળાવો. જેમ કે, મ...જા... મજા. ત્યાર બાદ, બૉક્સમાં આપેલ શબ્દ બોલો. આ રીતે વંચાવ્યા પછી દરેક શબ્દ ઘૂંટીને લખવા કહો. તે શબ્દો મોટેથી વંચાવો.

પા + કી → પાકી

વા + ણી → વાણી

રા + ણી → રાણી

સા + ડી → સાડી

વા + ત → વાત

કિ + સા + ન → કિસાન

ના + વ + ડી → નાવડી

બા + જ + રી → બાજરી

૧૯. તમે તમારા મિત્રને ઓળખી કાઢો છોને! અહીં પણ સરખાં શબ્દચિત્ર ઓળખી કાઢો ને તેમને જોડી દો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| પરાગ | પાપડી | બાણ | આગગાડી | ઈનામ | ઈજનેર |
| બાણ | પરાગ | પાપડી | ઈજનેર | આગગાડી | ઈનામ |



પ પર ◯ કરો. સ ર લ પ ર પ ત ગ પ ડ પ ન ત ન પ ગ ન

૨૦. ઉદાહરણ પ્રમાણે અક્ષર લખો. આડી (પા પે પિ પી) અને ઊભી (પા ડા તા ણા) એમ મોટેથી વાંચો. વિદ્યાર્થીઓને જુદી જુદી રીતે વાંચવા કહો. (૧) નાક બંધ કરીને વાંચો. (૨) રડતાં રડતાં વાંચો. (૩) હસતાં હસતાં વાંચો. (૪) અવાજ કાઢ્યા વગર હોઠ ફફડાવીને વાંચો.



ા, ે, િ, ી

| | | | | |
|---|---|---|---|---|
| અ— | આ | એ | ઇ | ઈ |
| પ — | પા | પે | પિ | પી |
| ડ — | | | | |
| ત — | | | | |
| ણ — | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| અ — | | | | |
| વ — | | | | |
| ન — | | | | |
| જ — | | | | |
| સ — | | | | |

૨૧. એકમ-૪ની અર્લીરીડર વાંચો. તેમાં આવતા શબ્દો અને વાક્યો સ્લેટ અને નોટમાં લખો.

૨૨. કોણ? ક્યારે? શું ખાય?

વિદ્યાર્થીઓને કહો ગોલુ માત્ર ગોળ વસ્તુઓ જ ખાય છે અને લંબુ એ સિવાયની વસ્તુઓ ખાય છે. હવે, વર્ગના બે વિદ્યાર્થીઓને ઊભા કરી તેમાંથી એકને કહો, “તું ગોલુ છું.” બીજાને કહો “તું લંબુ છું.” આજે મંગળવાર છે. કહો “તમે શું ખાઈ શકશો?” - આ રીતે વારાફરતી બે-બે વિદ્યાર્થીઓને બોલાવી પૂછો. આ પ્રવૃત્તિ ચિત્રોને બદલે શબ્દો લખીને પણ કરાવો. તેમજ કેટલીક સ્થાનિક ખાવાની વસ્તુઓ પણ ઉમેરો.




 ડ પર ◯ કરો. ડ મ ડ મ દ ડ બ ડ ખ ડ ખ ડ પ ડ ચ ડ 

૨૩. અનાજ હોય તો અ, ફળ હોય તો ફ અને શાક હોય તેની સામે શા લખો. એ સિવાયની ખાઈ શકાય તેવી વસ્તુ સામે ખો લખો.







ફ









ખો

















શિક્ષકની સહી : ____________________ | A | B | C | તારીખ : ____________________

 ત પર ◯ કરો. ત ર લ મ ફ ત ચ લ ત ન મ ત જ મ ત 

૨૪. ચિત્ર ઓળખો અને શબ્દ લખો.







| બકરી | | | | |
|---|---|---|---|---|

૨૫. ચિત્ર જોઈને ખૂટતો અક્ષર લખી શબ્દ પૂર્ણ કરો.







કા ___ ર  નિ___ર___  ગા___ર  વર___દ  સગ___

૨૬. જેની સામે ી જોડાયો હોય તેવા વર્ણ ફરતે ◯ કરો.

નીર, કિનારી, ગીતા, છીણી, અનાડી

૨૭. અક્ષર જોડો, શબ્દ બનાવી લખો.

ના → મ
ના → રી
ના → સે
ના → ક

નામ

 ણ પર ◯ કરો. ર મ ણ ભ મ ણ ક ર ણ પ ર ણ ત ર ણ 

## ૨૮. વાર્તા સાંભળો.

કોઈ એક વાર્તા મોટેથી વાંચી સંભળાવો. (લાર્જ સ્ટોરી બુકનો ઉપયોગ કરો.)



## ૨૯. ગીત ગાઈએ.




### એક ચકલો ને ચકલી...

એક ચકલો ને ચકલી આવે... (૨)
કરવાને ઘરમાં માળો... (૨)
ચકચક કરતાં... ફરરર ફરતાં... (૨)
પજવે આખો દહાડો.
એક ચકલો ને...
કહે મમ્મી ઘાસ તણખલાં લાવે ક્યાંથી, ક્યાંથી લાવે રૂ...
વાળી-વાળી થાકું હું તો... (૨)
કહો પછી શું કરું... (૨)
મારો એને મારો
પપ્પા કહે એને કાઢો...
ચરકી... ચરકી ઘર આખામાં... (૨)
કરતાં ઘણો બગાડો... (૨)
મેં તો કહ્યું ...
કાઢી મૂકું ચકલાને તો ચકલી રોઈ પડશે... (૨)
પાંખ વિનાનાં બચ્ચાં નાનાં, કહો પછી શું કરશે?
એક ચકલો ને...
એક ચકલો ને ચકલી આવે (૨)
કરવાને ઘરમાં માળો (૨)
ચકચક કરતાં ફરરર... ફરતાં...
હવે ગજવે આખો દહાડો...
એક ચકલો ને...







**વાતચીત :**

- ચકલો ને ચકલી કેવી રીતે હેરાન કરે છે?
- મમ્મીની શી ફરિયાદ છે?

પ

- પપ્પાને શો વાંધો છે?
- ચકોચકી માળો બનાવવા શું શું ભેગું કરે છે?
- પંખીઓનાં નાનાં બચ્ચાં જોયાં છે? ક્યાં ક્યાં? તે કેવાં દેખાય?
- બાળક ચકલા-ચકલીને કાઢી નાખવાની શા માટે ના પાડે છે?
- બીજાં ક્યાં ક્યાં પક્ષી આપણને જોવા મળે છે?
- પક્ષીઓ શું શું કરતાં હોય છે?
- તમે ક્યાં ક્યાં પક્ષીના માળા જોયા છે?
- શું થાય તો ચકલી રડી પડે?
- તમે ચકલાની જગ્યાએ હો તો શું કરો?

૩૦. વાંચો અને લખો.

આ લખવા આપતાં પહેલાં બોર્ડ પર આ વાક્યો સળંગ લખો. તે મોટેથી વાંચો-વંચાવો.

(૧) જે પણ નિસરણી ચડે તેને ઈનામમાં તવી આપ.

(૨) પીપમાં પેસી તીડે તિરાડ પાડી. (૩) મારી સાડી સારી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| જે | | | પીપમાં | | |
| પાડી | | | પેસી | | |
| નિસરણી | | | તીડે | | |
| ચડે | | | તિરાડ | | |
| તેને | | | પાડી. | | |
| ઈનામમાં | | | મારી | | |
| તવી | | | સાડી | | |
| આપ. | | | સારી. | | |

બોર્ડ પર આ વાક્યો સળંગ લખો. તે મોટેથી વાંચો-વંચાવો.

(૧) મારી બકરીને દાણા પાણી દેને.

(૨) તેની રાતી બકરીને પાપડ આપ.

| | | | | |
|---|---|---|---|---|
| મારી | | | | |
| બકરીને | | | | |
| દાણા | | | | |
| પાણી | | | | |
| દેને. | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| તેની | | | | |
| રાતી | | | | |
| બકરીને | | | | |
| પાપડ | | | | |
| આપ. | | | | |

શિક્ષકની સહી : ____________ A B C તારીખ : ____________

## ૩૧. વાંચો અને લખો.

**વિદ્યાર્થીઓ લખતા હોય તે દરમિયાન એક-એક વિદ્યાર્થીને આ વાક્યો વ્યક્તિગત વંચાવો.**

રાત પડી ગઈ છે.

તેને નવાઈ લાગી.

તે દબાતે પગલે ચાલે છે.

આ પગની છાપ છે.

કેસરી વનરાજા છે.

તેની મને જાણ છે.

શિક્ષકની સહી : ________ | A | B | C | તારીખ : ________

## ૩૨. વાંચો અને નોટબુકમાં લખો.

**બોર્ડ પર આ ફકરો લખો. એક વાર તમે મોટેથી વાંચો, ઝીલવાંચન કરાવો. ત્યાર બાદ કેટલાક શબ્દો ભૂંસી નાખી તે કયા શબ્દ ભૂંસ્યા પૂછો.**

### કીડી અને કાબર

વરસાદ વરસે છે. પાણીમાં એક કીડી તણાઈ. કાબરે કીડીને જોઈ. કાબર કીડીને એક પાન આપે છે. કાબર કીડીને બચાવે છે.





### રાતી બકરી

રાતી નામની બકરી. તે વડનગર આવે છે. તે વડ નીચે જમવા બેસે છે. રાતીને મજા પડે છે. એકાએક અવાજ આવે છે. રાતી આમતેમ નજર કરે છે. બાપ રે બાપ! વડ પર સાપ!

## ૩૩. સાંભળો અને લખો.

**આ પ્રવૃત્તિ જૂથમાં આવેલા છ શબ્દો અને પાંચ વાક્યનું શ્રુતલેખન કરાવો. (અનુલેખન કરાવવાનું નથી.)**

| | |
|---|---|
| વાક્ય ૧ | |
| વાક્ય ૨ | |
| વાક્ય ૩ | |
| વાક્ય ૪ | |
| વાક્ય ૫ | |

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

34. શિક્ષકના માર્ગદર્શન પ્રમાણે રમો.

| રાઉન્ડ-૧ | | રાઉન્ડ-૨ | | રાઉન્ડ-૩ | | રાઉન્ડ-૪ | |
|---|---|---|---|---|---|---|---|
| ઘરમાં | | નિશાળમાં | | ગામમાં | | જંગલમાં | |
| ટીમ A | ટીમ B | ટીમ A | ટીમ B | ટીમ A | ટીમ B | ટીમ A | ટીમ B |
| બૅટ | બૉલ | ચૉક | ટેબલ | દૂધ | છાશ | ઝાડ | શિયાળ |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

ઉપર દર્શાવ્યા મુજબનું કોષ્ટક બોર્ડમાં દોરવું. વિદ્યાર્થીઓની બે ટીમ બનાવવી અને વારાફરતી રાઉન્ડ-૧માં ઘરમાંની વસ્તુઓનાં નામ બોલશે, તમે બોર્ડ પર નોંધો. જે ટીમ વધુ નામ બોલે તે વિજેતા બને. આ રીતે રાઉન્ડ-૨, ૩ અને ૪ રમાડવાં.

## ૩૫. ફરી યાદ કરીએ...!

(૧) ‘એક ચકલો ને ચકલી...’ ગાવામાં ક્યારે મજા પડી?

(૨) અભિનય કરવાની પ્રવૃત્તિમાં તમે સિંહવાળું કયું વાક્ય બોલ્યા હતા?

(૩) શું લખવાની મજા પડી?

(૪) ગોલુ ને લંબુના ખાવામાં ફરક હતો?

(૫) ‘કીડી અને કાબર’ અને ‘રાતી બકરી’માંથી તમને કયો ફકરો ગમ્યો?

(૬) આપણને હવે કયા કયા અક્ષરથી બનતા શબ્દો વાંચતાં-લખતાં આવડી ગયા?

(૭) જે લખવાનું-વાંચવાનું બાકી છે, તેનું શું કરીશું?

(૮) ‘પાપાપીપી’ કઈ રીતે બોલવાની મજા પડેલી?

(૯) ‘મૂળો’, ‘સૂરજ અને ચંદા’, ‘આને કહેવાય દોસ્તી!’ અને ‘ગુફા, ઓ ગુફા!’ વાર્તામાંથી તમને કઈ વાર્તા ગમી? કેમ?

(૧૦) તમને ક્લાસની બહાર કાઢી મૂક્યા હતા?

(૧૧) ‘આંચાકાનાજી’, ‘શબ્દથપ્પો’, ‘વાંચીમાર’ અને ‘કોણ ગુમ થયું?’ રમતોમાંથી તમને કઈ રમત ગમી? કેમ?

### આટલું તો આવડે છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |
| ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ |

### મારા વર્ગમાં સત્રના અંતે આટલું ધ્યાનમાં રાખીશ...

- વર્ગના દરેક વિદ્યાર્થીની ચિત્રપોથી, પ્રવૃત્તિ-પ્રૉજેક્ટપોથી, લેખનપોથી, નોટબુક અને તેમણે બનાવેલાં રમકડાં, મૉડલ અને અન્ય સાધનો ચકાસીને તેમને ઘરે લઈ જવા માટે યાદ કરીને આપીશ.

શિક્ષકની સહી : ........................ વાલીની સહી : ........................

તારીખ : ............................ તારીખ : ............................

## એકમ-૧ના વિશેષ મહાવરા માટે

જગન નમ.
મગન નમ.



જગન અને મગન દરરોજ સવારે વહેલા ઊઠે છે. નાહી ધોઈ તૈયાર થઈ ઘર બહાર આવે છે. જગન અને મગન સૂરજદાદાને નમન કરે છે.

મનન નમ.
નમન નમ.



જગન અને મગનના મિત્રો નમન અને મનન છે. તેઓ પણ રોજ સવારે વહેલા ઊઠે છે, માતાપિતાને નમન કરે છે.

જમન જમ.
જમન મગ જમ.



આજે જમન મામાના ગામ આવ્યો છે.

મામાના ઘરમાં જમન જમવા બેઠો છે. મામી જમનને જમવાનું આપે છે. મામી જમનને પીરસે છે અને જમવા આગ્રહ કરે છે. મામી જમનને કહે છે : ‘જે જોઈએ તે માગ, આજે તારા મામા શહેર જવાના છે.’

જમન કહે છે : મારે કંઈ મંગાવવું નથી. મને મારા મિત્રો ગમન, નમન અને મનનની બહુ યાદ આવે છે.

| | | | | |
|---|---|---|---|---|
| નમ - નામ<br>ગમ - ગામ<br>ગજ - ગાજ<br>મગ - માગ | મગજ<br>નમન<br>ગમન<br>મગન | ગગન<br>મનન<br>જમના<br>જગન | મગન જાગ.<br>ગગન જાગ.<br>જમના જાગ. | ગગન ગામ જા.<br>નમન ગામ જા.<br>જમના ગામ જા. |

 પાનામાંથી આ વાક્ય શોધી લીટી કરો : જમન મગ જમ. 

## શબ્દ વાંચતાં જાઓ અને લખતાં જાઓ.

| | | | |
|---|---|---|---|
| નમ | ગમ | નામ | ગામ |
| નજ | ગન | નાજ | ગાન |
| મગ | જગ | માગ | જાગ |
| મન | જમ | માન | જામ |
| મમ | જન | મામા | જાન |
| ગજ | જજ | ગાજ | જાજા |

| | |
|---|---|
| ગમન | નગમ |
| જમન | જાજમ |
| જગન | નમન |
| મગજ | નજમ |
| જમના | મગન |
| મનન | ગગન |

| | |
|---|---|
| ગગન જમ. | નમન નમ. |
| મગન મગ જમ. | મનન જા. |
| ગગન મગ જમ. | ગગન જા. |
| મગન નમ. | મનન ગામ જા. |
| જમના નમ. | જગન ગામ જા. |

 પાનામાંથી આ વાક્ય શોધી લીટી કરો : નાજ, જાજમ, મનન. 

ચિત્ર જોઈ તમારા મિત્ર સાથે વાતચીત કરો અને તમને આવડતા શબ્દો લખો.





શિક્ષકની સહી : ........................ વાલીની સહી : ........................

તારીખ : ............................ તારીખ : ............................

## એકમ-૨ના વિશેષ મહાવરા માટે




આકાશમાં કાળાં કાળાં વાદળો ઘેરાયાં અને વાહ ! ભાઈ વાહ ! આજે તો વરસાદ પડ્યો. ઝરમર ઝરમર વરસાદ વરસ્યો. આખી ધરતી જાણે આનંદમાં ઝૂમી ઊઠી !







ઘરમાં નરેન જમવા બેઠો છે. થાળીમાં વાડકી છે. વાડકીમાં રસ પીરસ્યો છે. નરેન ચમચી વડે રસ પી રહ્યો છે. મમ્મી કહે છે ''વરસાદ પડી ગયો. હવે પછી રસ નહિ બને. આજે જેટલો રસ પીવો હોય એટલો પી લે.''

નરેન કહે છે : ''હા મમ્મી, પણ હવે કાલે તો મારે મામાને ગામ જવાનું છેને?''

મામાનું ગામ ખૂબ સરસ છે, એટલે નરેનને મામાના ગામ જવું ખૂબ ગમે છે. માથા પર છત્રી ઓઢીને નરેન એના મિત્ર સુરેશ સાથે મામાના ગામ જવા નીકળે છે. રસ્તામાં વરસાદ વરસે છે. સુરેશે રેઈન-કોટ પહેરી લીધો છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મગ - મગન | સાગ | રામ | સાવ | જમે | મેજ | રેસ | સેર | મારા દાદા. | વેદને રસ ગમે. |
| જગ - જગન | નાગ | દામ | રાવ | દવે | વેદ | દેવ | દેવા | સારા દાદા. | વેદ રસ જમે. |
| નમ - નમન | માગ | નામ | નાવ | વસે | સેવ | સેવ | સેવા | મારા રાજા. | દેવને સેવ ગમે. |
| મગ - મગર | જાગ | ગામ | જાવ | દેવ | વેદ | રેસ | રેસા | નાના રાજા. | દેવ સેવ જમે. |
| વર - વરસ | રાગ | જામ | વાવ | | | | | સારા રાજા. | મેના રાસ રમે. |

 પાનામાંથી આ વાક્ય શોધી લીટી કરો : વરસાદ પડી ગયો. 

## શબ્દ વાંચતાં જાઓ અને લખતાં જાઓ.

વર

વરસ

જમ

સરસ

દવ

સદર

સવ

મારગ

ગમે

માજમ

ગેસ

વાર

જામ

ગામે

દાવ

માસા

સાવ

સામા

વાદ

વારસ

રાસ

સારસ

સામે

માનદ

સનમ

વેર

જેમ

દેવ

સેવ

વેદ

રેસ

મેવા

રેવા

જેવા

વેરા

સેવા

રેવા રમ.

વેદ રમ.

દેવ રમ.

માસાને સેવ ગમે.

મને દાદા ગમે.

મને મામા ગમે.

વરસાદ વરસે.

દેવન જમે.

જમના રાસ રમે.

રેવા રાસ રમે.



પાનામાંથી આ વાક્ય શોધી લીટી કરો : માનદ, રેવા, મારગ.

(છોતેર)

ચિત્ર જોઈ તમારા મિત્ર સાથે વાતચીત કરો અને તમને આવડતા શબ્દો લખો.





શિક્ષકની સહી : ........................ વાલીની સહી : ........................
તારીખ : ............................ તારીખ : ............................

 **પાનામાંથી આ વાક્ય શોધી લીટી કરો : મિત્ર, વાતચીત, શબ્દો.** 

## રમા આવ.
## રાસ રમ.



શાળાનાં સૌ બાળકો આજે ઉજાણી પર આવ્યાં છે. ખુલ્લા મેદાનમાં સૌ ભેગાં થયાં છે. છોકરીઓનું એક ટોળું રાસ રમે છે. રમા દૂર ઊભી છે. એની બહેનપણી મીરાંએ એને બૂમ પાડી : રમા આવ, રાસ રમ''.

## સાદ કર.
## નાદ કર.



મેદાનની બાજુની ટેકરી પાસે છોકરાઓ ઊભા છે. તેઓ બૂમ પાડે છે. તેનો પડઘો પડે છે. તે સાંભળવાની સૌને મજા પડે છે. બાળક એકબીજાને સાદ પાડવા કહે છે. ''સાદ કર, નાદ કર.''

## વેદ ગા, દેવ ગા.
## ગાન કર, ગાન કર.



મેદાનમાં કેટલાંક છોકરાં ગોળાકારે બેસી અંતાક્ષરી રમી રહ્યાં છે. વેદ અને દેવને ગાવા માટે એના મિત્રો આગ્રહ કરે છે. વેદ ગા, દેવ ગા.

ગાન કર, ગાન કર.

બંને મિત્રો ઊભા થઈને ગીત ગાય છે:

''પછી શામળિયાજી બોલિયા, તને સાંભરે રે...''

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કામ | કાર | નાગ | બાગ | સાગર | સવાર | અજગર | દરવાન | રમ - રમે છે. | બેસ - બેસે છે. |
| આમ | આર | રાજ | બાજ | સારસ | બદામ | કસરત | વરસાદ | જમ - જમે છે. | આવ - આવે છે. |
| બામ | બાર | નામ | ગામ | જાજમ | બજાર | સબરસ | દરબાર | કર - કરે છે. | નમ - નમે છે. |
| નામ | નાર | વાસ | રાસ | બાવન | અનાજ | સરકાર | ગજરાજ | | |
| જામ | જાર | વાવ | દાવ | આરસ | અવાજ | | | | |

 પાનામાંથી આ વાક્ય શોધી લીટી કરો : ''સાદ કર, નાદ કર.'' 

## શબ્દ વાંચતાં જાઓ અને લખતાં જાઓ.

કદ
કર
કસ
કાકા
આગ
કેક

બાદ
બેગ
બસ
એક
આવે
આજ

છેદ
છાસ
કાદવ
કામ
કસર
કાન

નાક
કદર
બેન
બેસ
બજાર
બાર

અનનાસ
કેદાર
કેમ
કેસર
કેરમ
છેક

કાબર
કનક
બાજ
અનાજ
અસર
આરસ

આ બા છે.
બા કામ કરે છે.
આ બહેન છે.
બહેન રમે છે.
કાબર આવે છે.

બે કાબર આવે.
કેદાર કેરમ રમ.
છાશ મને ગમે.
દેવમ કામ કર.
બસ આવે.

૭૯ પાનામાંથી આ વાક્ય શોધી લીટી કરો : એક, બાજ, છાશ. (ઓગણ્યાએંશી)

ચિત્ર જોઈ તમારા મિત્ર સાથે વાતચીત કરો અને તમને આવડતા શબ્દો લખો.





શિક્ષકની સહી : ........................ વાલીની સહી : ........................
તારીખ : ........................ તારીખ : ........................

 પાનામાંથી આ વાક્ય શોધી લીટી કરો : ચિત્ર, તમારા, બકરી. 

# એકમ-૪ના વિશેષ મહાવરા માટે

પીપ પીપ પીપ પીપ પમ પમ.
કરે મીના છમ છમ.
છમ છમ ના કર,
દાદી જણાવે : મીના ભણ.



મીના અને તેનો ભાઈ મેળામાં ફરી આવ્યાં.

ભાઈ મેળામાંથી પિપૂડી લાવ્યો.

પિપૂડી વાગે પમ પમ.

મીના પિપૂડીના પમ પમ સાથે છમ છમ નાચવા લાગી.

એટલામાં ત્યાં દાદીમા આવી ચડ્યાં. મીનાને નાચતી જોઈ કહે : 'અરે! આવું નાચમનાચ કરે છે. ભણવા બેસ. કંઈ વાંચ, કંઈ લખ.

મીના કહે : અરે, પણ આ તડતડ અવાજ શેનો આવે છે ?

ભાઈ કહે : અરે મીનાબહેન! એ તો આપણી છત પર કાબરો ચાલતી લાગે છે.

ચાલ, હમણાં જ એમને ઉડાડી દઉં.

તડાક તડ તડ અવાજ આવે,
છતના પતરે કાબર આવે...



દાદીમા એને રોકતાં કહે છે :

''અરે ! કાબરને ઉડાડતો નહીં.

આવા તડકામાં એ જશે ક્યાં ?

લે, એમને આ ચણ નાખ.''

ભાઈ કાબરોને ચણ નાખે છે.

## આવ આવ, કાબર આવ.



| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કણ | પડ | તર | કાપ | વાત | વાવ | પાકી | કાણી | વાડી | વિમાન | બાજરી | આ નદી છે. |
| રણ | રડ | દર | માપ | સાત | આવ | વાપી | વાણી | પાડી | વિકાસ | છાબડી | નદીમાં પાણી છે. |
| ગણ | અડ | ડર | આપ | રાત | દાવ | છાપી | રાણી | સાડી | કિસાન | કાકડી | નદી અમને ગમે છે. |
| વણ | તડ | વર | છાપ | નાત | તાવ | તાપી | પાણી | નાડી | રિવાજ | નાવડી | |
| ચણ | વડ | નર | સાપ | જાત | નાવ | આપી | છાણી | તાડી | | | |

પાનામાંથી આ વાક્ય શોધી લીટી કરો : પિપૂડી વાગે પમ પમ.

## શબ્દ વાંચતાં જાઓ અને લખતાં જાઓ.

| | | | |
|---|---|---|---|
| પડ | કાકી | મીના | કીડી |
| તર | પીપ | મીર | તીડ |
| પર | પીર | પાડ | વીર |
| પાક | પીસ | તાર | વીસ |
| પાસ | નીર | પાર | ઈસ |
| પાન | નિજ | પાકે | ઈનામ |

| | | | |
|---|---|---|---|
| દિપક | તારક | મિનાર | જણ |
| ગીત | તેતર | દીકરી | કણ |
| કવિ | એરણ | વાડકી | ગણ |
| રવિ | એક | મણ | જાણ |
| પાડી | કિનાર | પણ | બાણ |
| તીર | નાવિક | રાણા | નાણા |

| | | |
|---|---|---|
| તાણ | પાણી | વહાણ |
| કડાણ | જાણી | તાણી |
| છાણ | કાણી | ડાકલાં |
| રબડી | ગણી | છાવણી |
| બરડ | રાણી | આપણી |
| મણિ | વાણી | માપણી |

 પાનામાંથી આ વાક્ય શોધી લીટી કરો : ઈનામ, વાડકી, 

ચિત્ર જોઈ તમારા મિત્ર સાથે વાતચીત કરો અને તમને આવડતા શબ્દો લખો.





શિક્ષકની સહી : ........................ વાલીની સહી : ........................
તારીખ : ............................ તારીખ : ............................

 પાનામાંથી આ વાક્ય શોધી લીટી કરો : મગર, તીર, વાનર. (ત્યાંશી)

# વર્ગ સહાયક અધ્યયન સંપુટ સામગ્રી

૧. અધ્યયન સંપુટ પુસ્તિકા
૨. વિદ્યાપ્રવેશ વિદ્યાર્થી પ્રવૃત્તિપોથી (ધોરણ-૧)
૩. પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક
૪. લેખનપોથી
૫. ચિત્રપોથી
૬. નોટબુક (વિદ્યાર્થી દીઠ-૩)
૭. સ્લેટ અને પેન બૉક્સ
૮. શૈક્ષણિક સ્ટેશનરી કિટ
૯. શિક્ષકસાથી મૉડ્યુલ
૧૦. વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટર
૧૧. નિપુણ ભારત માર્ગદર્શિકા (ભાગ-૧,૨)
૧૨. વિદ્યાપ્રવેશ શિક્ષક આવૃત્તિ
૧૩. સર્જન માટેની વર્ગસામગ્રી
૧૪. અધ્યયન નિષ્પત્તિ ચાર્ટ
૧૫. બોર્ડ બુક
૧૬. લાર્જ સ્ટોરીબુક
૧૭. વાર્તાનો વડલો ભાગ ૧-૨
૧૮. ચિત્રવાર્તા પુસ્તિકા (૧૨ ભાગ)
૧૯. દ્વિભાષી વાર્તા પુસ્તિકા
૨૦. અર્લીરીડર (પ્રારંભિક વાચનમાળા)
૨૧. સચિત્ર બાળપોથી
૨૨. ચિત્ર કૅલેન્ડર
૨૩. ફ્લૅશ કાર્ડ
૨૪. ચાર્ટ/પોસ્ટર
૨૫. બ્રેઈલ કિટ
૨૬. **NCERT Maths kit**
૨૭. **IIT FLN KIT**
૨૮. લાકડાનાં શૈક્ષણિક રમકડાંની કિટ
૨૯. રમતગમતનાં સાધનો
૩૦. સંગીતનાં સાધનો

# અધ્યયન સંપુટ

# ગુજરાતી

## ધોરણ - ૧



NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

समग्र शिक्षा
Samagra Shiksha

આ સામગ્રી સમગ્ર શિક્ષા, ગાંધીનગર તરફથી વિનામૂલ્યે આપવામાં આવેલ છે. (વર્ષ ૨૦૨૪-૨૫)